॥ ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ ॥
॥ સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી ગુરુભ્યો નમઃ ॥

## સૌ ચાલો ગિરનાર જઈએ...

પાંચ ઇન્દ્રિયોની
વિષય વાસનાઓને ચકચૂર કરવા
નેમિનાથ ભગવાનની
આરાધના-સાધના-ઉપાસના કરીએ...



વીર સં. ૨૫૪૬

# જૈન પંચાંગ

સંવત ૨૦૭૬ 2019-2020

## ગિરનારી નેમિનાથ ભગવાનના જીવનની આછી ઝલક



# નેમિનાથ

ૐ હ્રીઁ અર્હમ્ શ્રી નેમિનાથાય નમઃ


પ્રકાશક : ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ
C/o. ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા, મીનરાજ સ્કૂલની સામે,
રૂપાયતન રોડ, ભવનાથ, જૂનાગઢ, ફોન : 0285-2657099/199 મો. 9409685999
E-mail : girnarbhakti@gmail.com, g.tirthvikash@gmail.com
Website : www.girnardarshan.com
ચિત્રકાર : અંકુર સૂચક, અમદાવાદ

# શ્રી નેમિપ્રભુ તથા રાજીમતીના પૂર્વના આઠભવ...




ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## કારતક-૨૯

ક્ષય : સુદિ ૧, વદિ ૧૦ OCTOBER - NOVEMBER વૃદ્ધિ : સુદિ ૯ સંવત ૨૦૭૬

**શ્રી નેમિનાથ ભગવાન તથા રાજીમતીના પૂર્વના આઠ ભવ**

**પ્રથમ ભવ-** ધનકુમાર નામે રાજા
**બીજો ભવ-** સૌધર્મ દેવલોકમાં દેવ
**ત્રીજો ભવ-** સુરતેજ નગરમાં ચિત્રગતિ નામે રાજા
**ચોથો ભવ-** માહેન્દ્ર દેવલોકમાં દેવ
**પાંચમો ભવ-** સિંહપુરમાં અપરાજિત નામે રાજા
**છટ્ઠો ભવ-** અગિયારમાં દેવલોકમાં દેવ
**સાતમો ભવ-** હસ્તિનાપુર નગરમાં શંખકુમાર નામે રાજા
**આઠમો ભવ-** અપરાજિત નામના વિમાનમાં દેવ અને
**નવમો ભવ-** સૌરિપુરી નગરીમાં નેમિનાથ તીર્થંકર

**આ સાથે રાજીમતિ એટલે કે આ નવે ભવ સુધી નેમિનાથની સાથે સ્નેહભાવે જોડાયેલ, તેના નવ ભવ આ મુજબ છે.**

**પ્રથમ ભવ-** ધનવતી નામે રાજકન્યા
**બીજો ભવ-** સૌધર્મ દેવલોકમાં દેવ
**ત્રીજો ભવ-** શિવમંદિર નગરમાં રત્નવતી નામે રાજકુમારી
**ચોથો ભવ-** માહેન્દ્ર દેવલોકમાં દેવ
**પાંચમો ભવ-** રથનુપુર નગરમાં રત્નમાળા નામે રાજકુમારી
**છટ્ઠો ભવ-** અગિયારમાં દેવલોકમાં દેવ
**સાતમો ભવ-** ચંપાપુરી નગરીમાં યશોમતી નામે રાજકુમારી
**આઠમો ભવ-** અપરાજિત નામના વિમાનમાં દેવી અને
**નવમો ભવ-** ઉગ્રસેન રાજાની રાજીમતિ નામે રાજકુંવરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૨ 29/10 | ૩ 30/10 | ૪ 31/10 | ૫ 1/11/19 | ૬ 2/11 |
| ૭ 3/11 | ૮ 4/11 | ૯ 5/11 | ૯ 6/11 | ૧૦ 7/11 | ૧૧ 8/11 | ૧૨ 9/11 |
| ૧૩ 10/11 | ૧૪ 11/11 | ૧૫ 12/11 | ૧ 13/11 | ૨ 14/11 | ૩ 15/11 | ૪ 16/11 |
| ૫ 17/11 | ૬ 18/11 | ૭ 19/11 | ૮ 20/11 | ૯ 21/11 | ૧૧ 22/11 | ૧૨ 23/11 |
| ૧૩ 24/11 | ૧૪ 25/11 | ૩૦ 26/11 | | | | |

| | | |
|---|---|---|
| સુદિ ૨ | મંગળ | નૂતન વર્ષારંભ, શ્રી ગૌતમસ્વામિજી કેવલજ્ઞાન |
| **સુદિ ૨** | **મંગળ** | **ચંદ્રદર્શન** |
| સુદિ ૪ | ગુરુ | મહારાષ્ટ્ર કેસરી આ. શ્રી યશોદેવસૂરિ મ.ની ૪૮મી સ્વર્ગારોહણ તિથિ |
| સુદિ ૫ | શુક્ર | જ્ઞાનપંચમી |
| સુદિ ૮ | સોમ | ચોમાસી અઠ્ઠાઈ પ્રારંભ |
| સુદિ ૧૪ | સોમ | ચોમાસી ચૌદશ |
| સુદિ ૧૫ | મંગળ | શ્રી સિદ્ધાચલજીની મહાયાત્રા તથા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિન |
| વદિ ૨ | ગુરુ | રોહિણી |
| **વદિ ૬** | **સોમ** | **પૂ. પ્રેમસૂરિ મ.ની ૧૧૯ મી દીક્ષા તિથિ** |
| વદિ ૯/૧૦ | ગુરુ | શ્રી મહાવીરસ્વામી દીક્ષા કલ્યાણક |

**પુષ્ય નક્ષત્ર**
તા. ૧૭.૧૧.૧૯ - રાત્રે ૧૧.૦૦ થી
તા. ૧૮.૧૧.૧૯ - રાત્રે ૧૦.૨૨ સુધી

# શિવામાતાને ચૌદ સ્વપ્નદર્શન તથા નેમિપ્રભુના આત્માનો ગર્ભમાં પ્રવેશ...



ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ

## માગસર-૩૦

ક્ષય : વદિ ૪ NOVEMBER - DECEMBER વૃદ્ધિ : સુદિ ૧૦ સંવત ૨૦૭૬

**સૌ**રીપુરી નગરીમાં સમુદ્રવિજય રાજાના રાણી શિવાદેવીએ આસો વદ બારસના જ્યારે ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ હતો, ત્યારે મધ્યરાત્રિએ કેશરીસિંહ વગેરે ૧૪ સ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશતા જોયા. આ અવસરે શંખકુમાર રાજાના જીવનું અપરાજિત નામના અનુત્તર વિમાનમાંથી બત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી શિવાદેવીની કુક્ષીમાં ઉત્પન્ન થવા સ્વરૂપ ચ્યવનકલ્યાણક થયું.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ 27/11 | ૨ 28/11 | ૩ 29/11 | ૪ 30/11 |
| ૫ 1/12/19 | ૬ 2/12 | ૭ 3/12 | ૮ 4/12 | ૯ 5/12 | ૧૦ 6/12 | ૧૦ 7/12 |
| ૧૧ 8/12 | ૧૨ 9/12 | ૧૩ 10/12 | ૧૪ 11/12 | ૧૫ 12/12 | ૧ 13/12 | ૨ 14/12 |
| ૩ 15/12 | ૫ 16/12 | ૬ 17/12 | ૭ 18/12 | ૮ 19/12 | ૯ 20/12 | ૧૦ 21/12 |
| ૧૧ 22/12 | ૧૨ 23/12 | ૧૩ 24/12 | ૧૪ 25/12 | ૩૦ 26/12 | | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | બુધ | ચંદ્રદર્શન |
| સુદિ ૨ | ગુરુ | આ. હિમાંશુસૂરિ મ.સા. નો આચાર્યપદ દિન |
| સુદિ ૧૧ | રવિ | મૌન એકાદશી તથા ન્યાયાચાર્ય પૂ.યશોવિજય મ.નો સ્મૃતિદિન |
| સુદિ ૧૪ | બુધ | રોહિણી |
| સુદિ ૧૪ | બુધ | પ.પૂ.આ. હિમાંશુ સૂરિ મ.સા.નો ૧૭મો સ્વર્ગારોહણ દિન |
| વદિ ૫ | સોમ | ધનાર્ક કમૂર્હતા પ્રારંભ બપોરે ૩.૨૯ |
| વદિ ૧૦ | શનિ | પાર્શ્વપ્રભુ જન્મ કલ્યાણક |
| વદિ ૧૧ | રવિ | પાર્શ્વપ્રભુ દીક્ષા કલ્યાણક |
| વદિ ૩૦ | ગુરૂ | સૂર્યગ્રહણ |

**પુષ્ય નક્ષત્ર**

તા. ૧૫.૧૨.૧૯ - સવારે ૫.૦૪ થી

તા. ૧૬.૧૨.૧૯ - સવારે ૪.૦૨ સુધી

# બાળ નેમિકુમારનો મેરુપર્વત ઉપર જન્માભિષેક...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

# પોષ-૨૯

ક્ષય : વદિ ૭

DECEMBER - JANUARY

સંવત ૨૦૭૬

**શ્રા**વણ સુદિ પાંચમના દિવસે શિવામાતાએ શંખ લંછનવાળા શ્યામવર્ણના નેમિકુમારને જન્મ આપ્યો તે અવસરે છપ્પન દિક્કુમારીઓએ સમુદ્રવિજય મહારાજાના મહેલમાં જન્મમહોત્સવ કર્યો અને સૌધર્મઈન્દ્ર વગેરે ૬૪ ઈન્દ્રોએ મેરુપર્વત ઉપર બાળ નેમિકુમારને લઈ જઈ જન્માભિષેક કર્યો. પ્રભુ જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે માતાએ સ્વપ્નમાં ચક્ર જોયું હોવાથી તેમનું નામ અરિષ્ટનેમિ અર્થાત્ નેમિકુમાર પાડવામાં આવ્યું હતું.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ 27/12 | ૨ 28/12 |
| ૩ 29/12 | ૪ 30/12 | ૫ 31/12 | ૬ 1/1/20 | ૭ 2/1 | ૮ 3/1 | ૯ 4/1 |
| ૧૦ 5/1 | ૧૧ 6/1 | ૧૨ 7/1 | ૧૩ 8/2 | ૧૪ 9/1 | ૧૫ 10/1 | ૧ 11/1 |
| ૨ 12/1 | ૩ 13/1 | ૪ 14/1 | ૫ 15/1 | ૬ 16/1 | ૮ 17/1 | ૯ 18/1 |
| ૧૦ 19/1 | ૧૧ 20/1 | ૧૨ 21/1 | ૧૩ 22/1 | ૧૪ 23/1 | ૩૦ 24/1 | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | શુક્ર | ચંદ્રદર્શન |
| સુદિ ૧૨ | મંગળ | પૂ. ન્યાયવિશારદ આ.વિ. ભુવનભાનુસૂરિ મ.ની ૮૫મી દીક્ષા તિથિ |
| સુદિ ૧૩ | બુધ | રોહિણી |
| સુદિ ૧૫ | શુક્ર | ચંદ્રગ્રહણ |
| વદિ ૪(૫) | મંગળ (બુધ) | ધનાર્ક કમૂર્હતા સમાપ્ત મધ્યરાત્રિએ ૨.૦૯ કલાકે |
| વદિ ૧૩ | બુધ | મેરૂ તેરસ, શ્રી ઋષભદેવ પરમાત્માનું નિર્વાણ કલ્યાણક |

**પુષ્ય નક્ષત્ર**

તા. ૧૧.૦૧.૨૦ - બપોરે ૧.૩૧ થી
તા. ૧૨.૦૧.૨૦ - બપોરે ૧૧.૫૧ સુધી

# દેવ દ્વારા બાળનેમિકુમારની બળપરીક્ષા...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## મહા-૩૦

ક્ષય : વદિ ૧ | JANUARY - FEBRUARY | વૃદ્ધિ : સુદિ ૩ | સંવત ૨૦૭૬

**સૌ**ધર્મપતિ દ્વારા નેમિકુમાર બાળ હોવા છતાં તેમના સત્ત્વ (બળ)ની પ્રશંસા કરી ત્યારે ઈર્ષ્યાળુ એવા દેવતાઓએ બાળ નેમિકુમારના બળની પરીક્ષા કરવાની તક ઝડપીને તેમનું અપહરણ કર્યું. બાળપ્રભુને આકાશમાં લગભગ સવા યોજન ઊંચે લઈ ગયા તે અવસરે પ્રભુએ અવધિ-જ્ઞાનથી દેવતાના દુષ્ટ આશયને જાણ્યો ત્યારે માત્ર અલ્પબળથી દેવતા ઉપર પ્રહાર કરતાં તેનાથી દેવતા એવો આઘાત પામ્યો કે પૃથ્વીમાં સો યોજન ઊંડે ચાલ્યો ગયો.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ 23/2 | | | | | | ૧ 25/1 |
| ૨ 26/1 | ૩ 27/1 | ૩ 28/1 | ૪ 29/1 | ૫ 30/1 | ૬ 31/1 | ૭ 1/2/20 |
| ૮ 2/2 | ૯ 3/2 | ૧૦ 4/2 | ૧૧ 5/2 | ૧૨ 6/2 | ૧૩ 7/2 | ૧૪ 8/2 |
| ૧૫ 9/2 | ૨ 10/2 | ૩ 11/2 | ૪ 12/2 | ૫ 13/2 | ૬ 14/2 | ૭ 15/2 |
| ૮ 16/2 | ૯ 17/2 | ૧૦ 18/2 | ૧૧ 19/2 | ૧૨ 20/2 | ૧૩ 21/2 | ૧૪ 22/2 |

| | | |
|---|---|---|
| સુદિ ૨ | રવિ | ચંદ્રદર્શન |
| સુદિ ૫ | ગુરુ | શ્રી શંખેશ્વર મહાતીર્થની વર્ષગાંઠ તથા તપાગચ્છરક્ષક શ્રી માણિભદ્ર યક્ષરાજ ઉપાસના દિન |
| સુદિ ૧૦ | મંગળ | રોહિણી |
| સુદિ ૧૦ | મંગળ | અષ્ટાપદ તીર્થ-વાસણા-અમદાવાદ વર્ષગાંઠ |
| સુદિ ૧૪ | શનિ | ધર્મરસિક તીર્થવાટિકા વર્ષગાંઠ વાસણા-અમદાવાદ- |
| વદિ ૭ | શનિ | ગિરનાર તળેટીમાં ગિરનાર દર્શન ધર્મશાળામાં નેમિનાથ દાદાની બીજી વર્ષગાંઠ |
| વદિ ૧૩ | શુક્ર | શ્રી શત્રુંજય મહાતીર્થ-શેઠ મોતીશા ટૂંકે શ્રી માણિભદ્ર યક્ષરાજ-શ્રી ક્ષેત્રપાલજી પ્રતિષ્ઠા-૯મી વર્ષગાંઠ |

**પુષ્ય નક્ષત્ર**

તા. ૭(૮).૦૨.૨૦ - રાત્રે ૨.૦૨ થી
તા. ૮.૦૨.૨૦ - રાત્રે ૧૦.૦૬ સુધી

# નેમિકુમાર દ્વારા અહિંસક યુદ્ધ અને શત્રુંજય મહાતીર્થની દર્શનયાત્રા...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## ફાગણ-૩૦

ક્ષય : સુદિ ૧૩, વદિ ૪ | FEBRUARY - MARCH | વૃધ્ધિ : સુદિ ૪, વદિ ૧૨ | સંવત ૨૦૭૬

ઈન્દ્રસભામાં સૌધર્મ પતિ દ્વારા યુવાન નેમિકુમારની શક્તિના વખાણ સાંભળી તેમની પરીક્ષા કરવા દેવતા માયાવી નગરની રચના કરી યુદ્ધ આદરે છે, ત્યારે નેમિપ્રભુ દેવો દ્વારા રચાયેલ વિકરાળ સ્વરૂપવાળી માયાવી રણભૂમિ જોઈને માત્ર ધનુષ્યથી વાયવ્યાસ્ત્ર અને મોહનાસ્ત્ર નામના બાણ છોડતા અહિંસક યુદ્ધમાં હારીને દેવો પ્રભુના પગે પડી પ્રભુની માફી માંગવા લાગ્યા ત્યારે ઈન્દ્ર દ્વારા પ્રભુને શત્રુંજય તીર્થની યાત્રા કરાવો અને અમને તારો એવી વિનંતી કરતાં તત્કાળ બનાવેલાં વિમાન વડે દેવતાઓની સાથે પ્રભુને લઈને ઈન્દ્ર મહારાજા શત્રુંજયગિરિએ આવ્યા. ઈન્દ્રે ભાવિત થઈ સ્થાવર અને જંગમ એવા પ્રભુની પૂજા કરી.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ 24/2 | ૨ 25/2 | ૩ 26/2 | ૪ 27/2 | ૪ 28/2 | ૫ 29/2 |
| ૬ 1/3/20 | ૭ 2/3 | ૮ 3/3 | ૯ 4/3 | ૧૦ 5/3 | ૧૧ 6/3 | ૧૨ 7/3 |
| ૧૪ 8/3 | ૧૫ 9/3 | ૧ 10/3 | ૨ 11/3 | ૩ 12/3 | ૫ 13/3 | ૬ 14/3 |
| ૭ 15/3 | ૮ 16/3 | ૯ 17/3 | ૧૦ 18/3 | ૧૧ 19/3 | ૧૨ 20/3 | ૧૨ 21/3 |
| ૧૩ 22/3 | ૧૪ 23/3 | ૩૦ 24/3 | | | | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | સોમ | ચંદ્રદર્શન |
| સુદિ ૩ | બુધ | આ. હિમાંશુસૂરિ મહારાજનો ગણિપદ દિન |
| સુદિ ૫ | શનિ | પ.પૂ.પં. શ્રી ચન્દ્રશેખર મ.સા.નો જન્મ દિન |
| સુદિ ૬ | રવિ | ચોમાસી અઠ્ઠાઈ પ્રારંભ |
| સુદિ ૮ | મંગળ | રોહિણી |
| સુદિ ૧૩ | શનિ | શ્રી સિધ્ધાચલજીની છગાઉ યાત્રા પ્રદક્ષિણા |
| સુદિ ૧૪ | રવિ | ચોમાસી ચૌદશ |
| સુદિ ૧૫ | સોમ | પૂ. પ્રેમસૂરિ મ.નો ૧૩૬મો જન્મદિવસ |
| વદિ ૬ | શનિ | મીનાર્ક - કમુર્હતા પ્રારંભ સવારે ૧૧.૫૪ કલાકે |
| વદિ ૭ | રવિ | શ્રી ઋષભદેવ જન્મ તથા દીક્ષા કલ્યાણક અને વર્ષીતપ પ્રારંભ |
| વદિ ૩૦ | મંગળ | આ. નરરત્નસૂ.મ.સા.નો ૨૬મો સ્વર્ગવાસ દિન (પૂ.આ. હિમાંશુસૂ.મ.સા.ના સંસારી પુત્ર) |

**પુષ્ય નક્ષત્ર**

તા. ૬.૦૩.૨૦ - સવારે ૧૦.૪૦ થી
તા. ૭.૦૩.૨૦ - સવારે ૯.૦૬ સુધી

## કૃષ્ણ વાસુદેવ દ્વારા અઠ્ઠમતપની આરાધના તથા નેમિકુમાર દ્વારા જરાસંઘ સાથે અહિંસક યુદ્ધ...



ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ

# ચૈત્ર-૩૦

ક્ષય : વદિ ૧ — MARCH - APRIL — વૃધ્ધિ : વદિ ૧૩ — સંવત ૨૦૭૬

**જ**રાસંઘે પોતે સિદ્ધ કરેલી જરાવિદ્યાથી આખી સેનાને મૂર્છિત કરી દેતાં કૃષ્ણ ગ્લાની પામ્યા અને નેમિકુમારને યુદ્ધમાં સહાય માટે વિનંતી કરતાં પ્રભુ અવધિજ્ઞાનના બળે કૃષ્ણને અટ્ઠમ કરીને પદ્માવતી પાસેથી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાજી મેળવીને તેના પ્રક્ષાલ જલના છંટકાવથી સેના પુનઃ જાગૃત થશે તેમ જણાવે છે. ત્યારે અટ્ઠમ તપની આરાધનાના ત્રણ દિવસ દરમ્યાન નેમિકુમારે યુદ્ધનું સુકાન સંભાળી કોઈના પણ પ્રાણ ન હણાય તે રીતે જરાસંઘની સેનાને પરાજિત કરી.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ 25/3 | ૨ 26/3 | ૩ 27/3 | ૪ 28/3 |
| ૫ 29/3 | ૬ 30/3 | ૭ 31/3 | ૮ 1/4/20 | ૯ 2/4 | ૧૦ 3/4 | ૧૧ 4/4 |
| ૧૨ 5/4 | ૧૩ 6/4 | ૧૪ 7/4 | ૧૫ 8/4 | ૨ 9/4 | ૩ 10/4 | ૪ 11/4 |
| ૫ 12/4 | ૬ 13/4 | ૭ 14/4 | ૮ 15/4 | ૯ 16/4 | ૧૦ 17/4 | ૧૧ 18/4 |
| ૧૨ 19/4 | ૧૩ 20/4 | ૧૩ 21/4 | ૧૪ 22/4 | ૩૦ 23/4 | | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | બુધ | ચંદ્રદર્શન |
| સુદિ ૬ | સોમ | રોહિણી |
| **સુદિ ૬** | **સોમ** | **આ. હિમાંશુસૂરિ મહારાજનો જન્મ દિન** |
| સુદિ ૭ | મંગળ | આયંબિલની ઓળી પ્રારંભ |
| સુદિ ૧૧-૧૨-૧૩ શનિ-રવિ-સોમ | | પૂ.સાધુ-સાધ્વીજી મ.ને અચિત્તરજનો ૩ દિવસનો કાઉ. |
| સુદિ ૧૩ | સોમ | પ્રભુવીર જન્મકલ્યાણક |
| સુદિ ૧૫ | બુધ | ચૈત્રી પૂનમ શ્રી સિધ્ધાચલજીની મહાયાત્રા |
| **વદિ ૫** | **રવિ** | **સહસાવન સમવસરણ મંદિર ગિરનાર ૩૬મી વર્ષગાંઠ** |
| વદિ ૬ | સોમ | મીનાર્કકમુહૂર્તા સમાપ્ત- સાંજે ૮.૨૫ ક. |
| વદિ ૬ | સોમ | પૂ.આ.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો ૧૦૯મો જન્મદિન |
| વદિ ૧૩ | સોમ | પૂ.આ.વિ. ભુવનભાનુસૂરિ મહારાજની ૨૭મી સ્વર્ગતિથિ |

**નોંધ : સુદિ ૭ થી સુદિ ૧૫ - લીલોતરી ત્યાગ**

**પુષ્ય નક્ષત્ર**

તા. ૦૨.૦૪.૨૦ - સાંજે ૭.૩૦ થી
તા. ૦૩.૦૪.૨૦ - સાંજે ૬.૪૨ સુધી

# આયુધશાળામાં કૃષ્ણ બળપરીક્ષા તથા કૃષ્ણની પટરાણી દ્વારા નેમિકુમાર સાથે જલક્રીડા...



# વૈશાખ-૨૯

ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ

ક્ષય : સુદિ ૧૨, વદિ ૪ | APRIL - MAY | વૃદ્ધિ : વદિ ૭ | સંવત ૨૦૭૬

**યુ**વાવસ્થા પામેલા નેમિકુમાર એકવાર શ્રીકૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા, ત્યારે ત્યાં રહેલ પંચજન્ય શંખ વગાડ્યો, ત્યારે તેના અવાજથી પર્વતોના શિખરો કંપી ઉઠ્યા, પશુ-પક્ષીઓ નાશભાગ કરવા લાગ્યા. આ અવસરે નેમિકુમારનું આટલું બળ હોવાનું જાણી તે ભાવિમાં રાજ્ય પર સત્તા સ્થાપશે તેવા ભયથી શ્રીકૃષ્ણે નેમિકુમાર સાથે બળનો મુકાબલો કરવા જણાવ્યું. નેમિકુમાર પાસે ઘણી વિદ્યાઓ હતી તેથી તે પરીક્ષામાં પણ શ્રીકૃષ્ણ પરાજય પામ્યા. શ્રી કૃષ્ણની પટરાણીઓ સાથે જલક્રીડા કરતા નિર્વિકારી નેમિકુમાર.

વૈશાખ સુદિ ૧૫ ગુરુ ગિરનાર નેમિનાથ દાદાની ૮૯૧મી વર્ષગાંઠ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ 24/4 | ૨ 25/4 |
| ૩ 26/4 | ૪ 27/4 | ૫ 28/4 | ૬ 29/4 | ૭ 30/4 | ૮ 1/5/20 | ૯ 2/5 |
| ૧૦ 3/5 | ૧૧ 4/5 | ૧૩ 5/5 | ૧૪ 6/5 | ૧૫ 7/5 | ૧ 8/5 | ૨ 9/5 |
| ૩ 10/5 | ૫ 11/5 | ૬ 12/5 | ૭ 13/5 | ૭ 14/5 | ૮ 15/5 | ૯ 16/5 |
| ૧૦ 17/5 | ૧૧ 18/5 | ૧૨ 19/5 | ૧૩ 20/5 | ૧૪ 21/5 | ૩૦ 22/5 | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | શુક્ર | ચંદ્રદર્શન |
| સુદિ ૩ | રવિ | અક્ષય તૃતીયા, વર્ષીતપ પારણા, માણિભદ્ર યક્ષરાજ ઉપાસના દિન |
| સુદિ ૩ | રવિ | રોહિણી |
| સુદિ ૬ | બુધ | આ. હિમાંશુસૂરિ મહારાજનો પંન્યાસ પદ દિન |
| સુદિ ૯ | શનિ | આ. હિમાંશુસૂરિ મહારાજનો દીક્ષા દિન |
| સુદિ ૧૦ | રવિ | શ્રી મહાવીર સ્વામી કેવલજ્ઞાન કલ્યાણક |
| સુદિ ૧૧ | સોમ | શ્રી ગૌતમસ્વામી આદિનો ગણધર પદ સ્થાપનાદિન તથા ચતુર્વિધ શ્રી સંઘ-શાસન સ્થાપના દિન |
| સુદિ ૧૨ | મંગળ | ગિરનાર જયતળેટીની ચરણપાદુકાઓની ત્રીજી વર્ષગાંઠ |
| સુદિ ૧૫ | ગુરુ | ગિરનાર નેમિનાથ દાદાની ૮૯૧મી વર્ષગાંઠ |
| વદિ ૬ | મંગળ | શ્રી સિદ્ધાચલજી આદીશ્વર દાદાની ૪૮૯ મી વર્ષગાંઠ તથા ગચ્છા. પૂ.આ.વિ. જયઘોષસૂરિ મહારાજનો સંયમ જીવનના ૭૧માં વર્ષમાં પ્રવેશ |
| વદિ ૬ | મંગળ | પ.પૂ.પં. ચન્દ્રશેખર વિ.મ.સા.નો દીક્ષા દિન |
| વદિ ૧૧ | સોમ | પૂ. પ્રેમસૂરિ મહારાજની ૫૨મી સ્વર્ગવાસ તિથિ |

**પુષ્ય નક્ષત્ર**

તા. (૨૯)૩૦.૦૪.૨૦ - મધ્યરાત્રિએ ૨.૦૩ થી
તા. (૩૦)૦૧.૦૫.૨૦ - મધ્યરાત્રિએ ૧.૫૪ સુધી
(ગુરૂપુષ્ય)

# નેમિકુમારની લગ્નની જાન તથા પશુઓનો પોકાર સૂણી જાન પાછી વાળતાં નેમિકુમાર...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## જેઠ-૩૦

ક્ષય : સુદિ ૧૩ | MAY - JUNE | વૃદ્ધિ : વદિ ૧૦ | સંવત ૨૦૭૬

**શ્રી** કૃષ્ણની પટરાણીઓ દ્વારા થતી ચેષ્ટા અવસરે નેમિકુમાર મૌન રહેવાથી ''મૌનમ્ અનુમતમ્''ના ન્યાયે નેમિકુમાર 'પરણવા' તૈયાર છે તેવું જાહેર કરી ઉગ્રસેન મહારાજાની રાજકુંવરી રાજીમતી સાથે તેમના લગ્ન નક્કી થયા અને અવસરે નેમિકુમારની જાન ઉગ્રસેન મહારાજાના દરબારે પહોંચી.

જાન લઈને આવેલ કરૂણાસાગર નેમિકુમારે નિર્દોષ પશુઓની હિંસા થવાનું જાણી પશુઓને મુક્ત કરી લગ્નમંડપથી પોતાનો રથ પાછો વાળ્યો. નવ લોકાંતિક દેવોએ દીક્ષાનું એક વર્ષ બાકી રહેતું હોવાનું જાણી વરસીદાનનો પ્રારંભ કરવા પ્રભુને વિનંતી કરી.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ 21/6 | | | | | | ૧ 23/5 |
| ૨ 24/5 | ૩ 25/5 | ૪ 26/5 | ૫ 27/5 | ૬ 28/5 | ૭ 29/5 | ૮ 30/5 |
| ૯ 31/5 | ૧૦ 1/6/20 | ૧૧ 2/6 | ૧૨ 3/6 | ૧૪ 4/6 | ૧૫ 5/6 | ૧ 6/6 |
| ૨ 7/6 | ૩ 8/6 | ૪ 9/6 | ૫ 10/6 | ૬ 11/6 | ૭ 12/6 | ૮ 13/6 |
| ૯ 14/6 | ૧૦ 15/6 | ૧૦ 16/6 | ૧૧ 17/6 | ૧૨ 18/6 | ૧૩ 19/6 | ૧૪ 20/6 |

| | | |
|---|---|---|
| સુદિ ૨ | રવિ | ચંદ્રદર્શન |
| સુદિ ૧ | શનિ | રોહિણી |
| સુદિ ૧૨ | બુધ | આ. હિમાંશુસૂ.મ. પ્રેરિત ગિરનાર તીર્થધામ - માણેકપુરમાં ૧લી સાલગિરિ |
| સુદિ ૧૫ | શુક્ર | ચંદ્રગ્રહણ |
| વદિ ૧૪ | શનિ | રોહિણી |
| વદિ ૩૦ | રવિ | આદ્રા નક્ષત્ર પ્રવેશ રાત્રે ૧૧.૫૮ ક., કેરી ત્યાગ તથા સૂર્યગ્રહણ |



વદિ ૩૦, રવિ, આદ્રા નક્ષત્ર
**કેરી ત્યાગ**

**પુષ્ય નક્ષત્ર**
તા. ૨૭.૦૫.૨૦ - સવારે ૭.૨૯ થી
તા. ૨૮.૦૫.૨૦ - સવારે ૭.૨૮ સુધી

# નેમિકુમાર દ્વારા વરસીદાન તથા દીક્ષા ગ્રહણ માટે સહસાવન તરફ પ્રયાણ...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## અષાઢ-૨૯

ક્ષય : સુદિ ૬

JUNE - JULY

સંવત ૨૦૭૬

**ને**મિકુમારે વરસીદાનનો પ્રારંભ કર્યો અને વર્ષના અંતે શ્રાવણ સુદ ૬ના દિવસે ગિરનારના સહસ્રામ્રવન (સહસાવન) ઉદ્યાન તરફ દીક્ષા ગ્રહણ માટે પ્રયાણ કરવા શક્રેન્દ્ર તથા દેવતાઓએ પ્રભુ માટે ઉત્તરકુરૂ નામની શિબિકા રચી અને નેમિકુમાર તે શિબિકામાં આરૂઢ થઈ રાજમાર્ગો ઉપર વરસીદાન દ્વારા નશ્વર એવી ધન સંપત્તિનો ત્યાગ કરી આત્મ-કલ્યાણ સાધવા સંયમગ્રહણ કરવાનો મૂક સંદેશ જગતને આપવા લાગ્યા અને ૧૦૦૦ રાજકુંવરો પણ પ્રભુની સાથે દીક્ષા લેવા જોડાયા.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ 22/6 | ૨ 23/6 | ૩ 24/6 | ૪ 25/6 | ૫ 26/6 | ૭ 27/6 |
| ૮ 28/6 | ૯ 29/6 | ૧૦ 30/6 | ૧૧ 1/7/20 | ૧૨ 2/7 | ૧૩ 3/7 | ૧૪ 4/7 |
| ૧૫ 5/7 | ૧ 6/7 | ૨ 7/7 | ૩ 8/7 | ૪ 9/7 | ૫ 10/7 | ૬ 11/7 |
| ૭ 12/7 | ૮ 13/7 | ૯ 14/7 | ૧૦ 15/7 | ૧૧ 16/7 | ૧૨ 17/7 | ૧૩ 18/7 |
| ૧૪ 19/7 | ૩૦ 20/7 | | | | | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | સોમ | ચંદ્રદર્શન |
| સુદિ ૨ | મંગળ | આ. હિમાંશુસૂરિ મહારાજનો વડી દીક્ષા દિન |
| સુદિ ૫/૬ | શુક્ર | શ્રી મહાવીરસ્વામી ચ્યવનકલ્યાણક |
| સુદિ ૭ | શનિ | ચોમાસી અઠ્ઠાઈ પ્રારંભ |
| સુદિ ૮ | રવિ | **પરમાત્મા શ્રી નેમિનાથ નિર્વાણ કલ્યાણક (ગિરનાર તીર્થ)** |
| સુદિ ૧૪ | શનિ | ચોમાસી ચૌદશ |
| સુદિ ૧૫ | રવિ | શ્રી સીમંધરસ્વામી આદિ ૨૦ વિહરમાન ચ્યવન કલ્યાણક |
| વદિ ૨ | મંગળ | ગચ્છા.પૂજ્ય આચાર્ય વિજય જયઘોષસૂરિ મ.નો ૮૫મો જન્મદિન |
| વદિ ૧૨ | શુક્ર | રોહિણી |

**પુષ્ય નક્ષત્ર**

તા. ૨૩.૦૬.૨૦ - બપોરે ૧.૩૪ થી
તા. ૨૪.૦૬.૨૦ - બપોરે ૧.૧૧ સુધી

# નેમિકુમાર સાથે ૧૦૦૦ રાજકુમારની સહસાવનમાં દીક્ષા...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## શ્રાવણ-૩૦

ક્ષય : સુદિ ૭ | JULY - AUGUST | વૃદ્ધિ : વદિ ૬ | સંવત ૨૦૭૬

શ્રાવણ સુદિ છટ્ઠના મંગલપ્રભાતે જ્યારે ચન્દ્ર ચિત્રા નક્ષત્રમાં હતો ત્યારે શિબિકામાંથી ઉતરી આભૂષણાદિનો ત્યાગ કરી છટ્ઠના તપ સાથે નેમિકુમારે પંચમુષ્ટિક લોચ કર્યો અને ઈન્દ્ર મહારાજાએ તે કેશ ગ્રહણ કરી પ્રભુના દેહ ઉપર દેવદુષ્ય વસ્ત્ર મૂક્યું. શક્રેન્દ્રે તે કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યા. પ્રભુએ સામાયિક ઉચ્ચર્યું એ સમયે નરકના જીવોએ પણ ક્ષણિક સુખનો અનુભવ કર્યો સાથે સાથે ૧૦૦૦ રાજકુંવરોએ પણ દીક્ષા ગ્રહણ કરી.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ 21/7 | ૨ 22/7 | ૩ 23/7 | ૪ 24/7 | ૫ 25/7 |
| ૬ 26/7 | ૮ 27/7 | ૯ 28/7 | ૧૦ 29/7 | ૧૧ 30/7 | ૧૨ 31/7 | ૧૩ 1/8/20 |
| ૧૪ 2/8 | ૧૫ 3/8 | ૧ 4/8 | ૨ 5/8 | ૩ 6/8 | ૪ 7/8 | ૫ 8/8 |
| ૬ 9/8 | ૬ 10/8 | ૭ 11/8 | ૮ 12/8 | ૯ 13/8 | ૧૦ 14/8 | ૧૧ 15/8 |
| ૧૨ 16/8 | ૧૩ 17/8 | ૧૪ 18/8 | ૩૦ 19/8 | | | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | મંગળ | ચંદ્રદર્શન |
| સુદિ ૪ | શુક્ર | મહિનાનું ઘર |
| સુદિ ૫ | શનિ | પ્રભુ શ્રી નેમિનાથ ભગવાન જન્મ કલ્યાણક |
| સુદિ ૬ | રવિ | પ્રભુશ્રી નેમિનાથ દીક્ષા કલ્યાણક |
| સુદિ ૮ | સોમ | પ્રભુ શ્રી પાર્શ્વનાથ નિર્વાણ કલ્યાણક સમ્મેતશિખર મહાતીર્થ |
| સુદિ ૧૦ | બુધ | પ.પૂ.પં. ચન્દ્રશેખર મહારાજ સાહેબની ૯મી સ્વર્ગવાસ તિથિ |
| વદિ ૪ | શુક્ર | પંદરનું ઘર |
| વદિ ૯ | ગુરુ | રોહિણી |
| **વદિ ૧૧** | **શનિ** | **પર્યુષણ મહાપર્વનો પ્રારંભ** |
| વદિ ૧૪ | મંગળ | કલ્પધર-સૂત્ર વાંચન |
| વદ ૦)) | બુધ | ચૌદ સ્વપ્ન દર્શન તથા શ્રી મહાવીર જન્મવાંચન |

નોંધ : વદિ ૧૧ થી ભાદરવા સુદિ ૫-લીલોતરી ત્યાગ

### પુષ્ય નક્ષત્ર

તા. ૨૦.૦૭.૨૦ - રાત્રે ૯.૨૨ થી
તા. ૨૧.૦૭.૨૦ - રાત્રે ૮.૩૨ સુધી
તા. ૧૭.૦૮.૨૦ - સવારે ૬.૪૫ થી
તા. ૧૮.૦૮.૨૦ - સવારે ૫.૪૪ સુધી

# સહસાવનમાં સાધના તથા નેમિવરને કેવળજ્ઞાન...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

# ભાદરવો-૨૯

ક્ષય : સુદિ ૧

AUGUST-SEPTEMBER

સંવત ૨૦૭૬

**દી**ક્ષા લીધા બાદ ચોપ્પન દિવસ સુધીની સાધનાના અંતે પ્રભુ સહસ્રાામ્રવનમાં પાછા પધાર્યા. ત્યાં વેતસવૃક્ષની નીચે અટ્ઠમતપની આરાધના સાથે કાયોત્સર્ગ ધ્યાનમાં લીન એવા પ્રભુએ ધ્યાનાગ્નિની પ્રજ્વલિત જ્વાળામાં ચાર ઘાતી કર્મોને ભસ્મીભૂત કરતાં ભાદરવા વદ અમાસ (રાજસ્થાની આસો વદ અમાસ)ની મધ્યરાત્રિએ ચન્દ્ર જ્યારે ચિત્રા નક્ષત્રના યોગમાં આવ્યો ત્યારે કૈવલ્યલક્ષ્મી અર્થાત્ કેવલજ્ઞાનને પામ્યા.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨ 20/8 | ૩ 21/8 | ૪ 22/8 |
| ૫ 23/8 | ૬ 24/8 | ૭ 25/8 | ૮ 26/8 | ૯ 27/8 | ૧૦ 28/8 | ૧૧ 29/8 |
| ૧૨ 30/8 | ૧૩ 31/8 | ૧૪ 1/9/20 | ૧૫ 2/9 | ૧ 3/9 | ૨ 4/9 | ૩ 5/9 |
| ૪ 6/9 | ૫ 7/9 | ૬ 8/9 | ૭ 9/9 | ૮ 10/9 | ૯ 11/9 | ૧૦ 12/9 |
| ૧૧ 13/9 | ૧૨ 14/9 | ૧૩ 15/9 | ૧૪ 16/9 | ૩૦ 17/9 | | |

| | | |
|---|---|---|
| સુદિ ૨ | ગુરુ | ચંદ્રદર્શન |
| સુદિ ૨ | ગુરુ | તેલાધર-ગણધરવાદ |
| સુદિ ૪ | શનિ | **શ્રી સંવત્સરી મહાપર્વ** બારસાસૂત્ર વાંચન, સંવત્સરી પ્રતિક્રમણ-**ક્ષમાપના પર્વ** |
| સુદિ ૧૧ | શનિ | જગદ્‌ગુરુ પૂ. હીરસૂરિ મ.ની સ્વર્ગતિથિ |
| વદિ ૮ | ગુરુ | રોહિણી |
| વદિ ૩૦ | ગુરુ | **પ્રભુ નેમિનાથ દાદા કેવળજ્ઞાન કલ્યાણક** |

નોંધ : સુદિ ૨ થી સુદિ ૫ - લીલોતરી ત્યાગ

**પુષ્ય નક્ષત્ર**

તા. ૧૩.૦૯.૨૦ - સાંજે ૪.૩૫ થી
તા. ૧૪.૦૯.૨૦ - બપોરે ૩.૫૪ સુધી

# દેવો દ્વારા સમવસરણની રચના, પ્રભુનું અનાર્યભૂમિમાં વિચરણ તથા જનપ્રતિબોધ...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

## અ.આસો-૨૯

ક્ષય : સુદિ ૩, વદિ ૧૩ SEPTEMBER - OCTOBER વૃધ્ધિ : વદિ ૧ સંવત ૨૦૭૬

**દયા**નધારાની પ્રજ્વલિત જ્વાળામાં ચારઘાતીકર્મોનો નાશ થતાં કેવલજ્ઞાનના પ્રાગટ્યથી આચાર અનુસાર દેવો અને ઈન્દ્રો દ્વારા સમવસરણની રચના થઈ. એકસો વીસ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષની નીચે રહેલા સિંહાસન પર પ્રભુ આરુઢ થયા અને વ્યંતરદેવતાઓએ અન્ય ત્રણ દિશામાં પણ પ્રભુના ત્રણ બિંબોં સ્થાપ્યા. સૌ સ્વસ્થાન ગ્રહણ કરતાં પ્રભુએ પ્રથમ દેશના આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

પ્રભુ આર્ય - અનાર્ય ભૂમિમાં વિચરણ કરી લોકને પ્રતિબોધ કરવા લાગ્યા.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ 18/9 | ૨ 19/9 |
| ૪ 20/9 | ૫ 21/9 | ૬ 22/9 | ૭ 23/9 | ૮ 24/9 | ૯ 25/9 | ૧૦ 26/9 |
| ૧૧ 27/9 | ૧૨ 28/9 | ૧૩ 29/9 | ૧૪ 30/9 | ૧૫ 1/10/20 | ૧ 2/10 | ૧ 3/10 |
| ૨ 4/10 | ૩ 5/10 | ૪ 6/10 | ૫ 7/10 | ૬ 8/10 | ૭ 9/10 | ૮ 10/10 |
| ૯ 11/10 | ૧૦ 12/10 | ૧૧ 13/10 | ૧૨ 14/10 | ૧૪ 15/10 | ૩૦ 16/10 | |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | શુક્ર | ચંદ્રદર્શન |
| વદિ ૫ | બુધ | રોહિણી |

**પુષ્ય નક્ષત્ર**
તા. (૧૦)૧૧.૧૦.૨૦-મધ્યરાત્રિએ ૧.૧૯ થી
તા. (૧૧)૧૨.૧૦.૨૦-મધ્યરાત્રિએ ૧.૨૦ સુધી
(રવિ પુષ્ય)

# ગિરનાર ઉપર ૫૩૬ મુનિઓ સાથે નેમિપ્રભુનું મોક્ષગમન તથા પ્રભુ આદિ મુનિના પાર્થિવ દેહની અંતિમસંસ્કાર વિધિ...



ગિરનાર
મહાતીર્થવિકાસ સમિતિ

# આસો-૩૦

ક્ષય : વદિ ૯ OCTOBER - NOVEMBER વૃદ્ધિ : વદિ ૬ સંવત ૨૦૭૬

**આ**ર્ય-અનાર્યભૂમિમાં વિચરણ કરતાં પ્રભુજીએ પોતાનો અંતિમકાળ નજીક આવેલો જાણી ગિરનાર તીર્થે પધાર્યા જ્યાં પોતાની અંતિમ દેશના આપી હતી. કેટલાય ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી ૫૩૬ મુનિઓ સાથે પાદપોગમન અનશન સ્વીકારી અષાઢ માસની સુદ આઠમે ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રના યોગમાં પ્રભુએ મુક્તિપદની પ્રાપ્તિ કરતાં નિર્વાણકલ્યાણક થયું તે અવસરે ઈન્દ્રોના આસનો ચલાયમાન થતાં કલ્પવૃક્ષના કાષ્ઠોથી શ્રી નેમિપ્રભુ તથા ૫૩૬ મુનિભગવંતોના દેહની અગ્નિસંસ્કારની ક્રિયા બાદ ઈન્દ્રોએ નંદીશ્વર દ્વીપમાં જઈ અટ્ઠાઈ મહોત્સવ કર્યો.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ 15/11 | | | | | | ૧ 17/10 |
| ૨ 18/10 | ૩ 19/10 | ૪ 20/10 | ૫ 21/10 | ૬ 22/10 | ૭ 23/10 | ૮ 24/10 |
| ૯ 25/10 | ૧૦ 26/10 | ૧૧ 27/10 | ૧૨ 28/10 | ૧૩ 29/10 | ૧૪ 30/10 | ૧૫ 31/10 |
| ૧ 1/11/20 | ૨ 2/11 | ૩ 3/11 | ૪ 4/11 | ૫ 5/11 | ૬ 6/11 | ૬ 7/11 |
| ૭ 8/11 | ૮ 9/11 | ૧૦ 10/11 | ૧૧ 11/11 | ૧૨ 12/11 | ૧૩ 13/11 | ૧૪ 14/11 |

| | | |
|---|---|---|
| સુદિ ૧ | શનિ | ચંદ્રદર્શન |
| સુદિ ૫ | બુધ | તપાગચ્છરક્ષક **શ્રી માણિભદ્ર યક્ષરાજ ઉપાસના દિન** |
| સુદિ ૭ | શુક્ર | આયંબિલની ઓળી પ્રારંભ |
| વદિ ૩ | મંગળ | રોહિણી |
| વદિ ૧૨ | ગુરુ | શ્રી નેમિનાથ દાદાનો ચ્યવન કલ્યાણક દિન |
| વદિ ૧૩ | શુક્ર | ધનતેરસ |
| વદિ ૧૪ | શનિ | દીવાળી, **શ્રી મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક** |

**નોંધ : સુદિ ૭ થી સુદિ ૧૫ - લીલોતરી ત્યાગ**

**પુષ્ય નક્ષત્ર**

તા. ૦૭.૧૧.૨૦ - સવારે ૮.૦૬ થી
તા. ૦૮.૧૧.૨૦ - સવારે ૮.૪૭ સુધી

## કલ્યાણકભૂમિ સહસાવન

સહસાવનનું મૂળ નામ **''સહસ્રામ્રવન''** છે ! તેનો અર્થ જાણો ! સહસ્ર એટલે કે હજાર ! આમ્ર એટલે આંબો (કેરી) અને વન એટલે જંગલ ! એટલે હજારો આંબાના વૃક્ષોવાળું વન! પરંતુ કાળક્રમે શબ્દનો અપભ્રંશ થતાં થતાં આજે તે **''સહસાવન''** તરીકે પ્રસિદ્ધિને પામેલ છે ! તેમાં પણ કેટલાક પુણ્યાત્માતો તેને **''શેષાવન''** કહે છે.

હજારો આંબાના ઘેઘુરવૃક્ષોથી ઘેરાયેલા આ સ્થળની રમણીયતા તન-મનને અનેરી શીતળતાની અનુભૂતિ કરાવે છે.

આજે પણ આ ભૂમિ મોરલાના મધુરા કીંકાર અને કોયલના મીઠાં ટહુકારથી ગુંજતી રહે છે !

આ પાવનભૂમિએ નેમિપ્રભુ તેમજ તેમનાથી પૂર્વે થયેલા અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા અવસરના ઉછળતા વૈરાગ્યરસના ખીચોખીચ ભરેલા અણુ પરમાણુઓને આજે પણ વાતાવરણમાં અકબંધ સાચવી રાખ્યા છે!

આ પાવનભૂમિમાં નેમિપ્રભુ સમેત અનંતા તીર્થંકર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકોનો પુનિતપ્રકાશ આજે પણ ભવ્યાત્માઓના અંતરમાં પડેલા મિથ્યાતામસને દૂર હડસેલી સમ્યક્ત્વની સાધનાનો સ્પર્શ કરાવી રહ્યો છે !

કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ થતાં કરોડો દેવતાઓ દ્વારા રચાયેલ સમવસરણમાં દેશના આપતાં ચોત્રીસ અતિશય યુક્ત પ્રભુજીની વાણીના શબ્દોના તરંગોથી થતાં ગુંજનની અનુભૂતિ આજે પણ થાય છે ! આ સહસાવન તો **''હાર્ટ ઑફ ધ ગિરનાર''** છે !

**ભદ્રબાહુસ્વામીએ બૃહત્ કલ્પભાષ્યમાં સ્પષ્ટ જણાવેલ છે કે આવી કલ્યાણકભૂમિઓની સ્પર્શનાદિથી સમ્યક્ત્વ ન હોય તેને પ્રાપ્તિ થાય અને હોય તેનું દૃઢ થાય ! સમ્યક્ત્વ આવે એટલે મોક્ષ થાય જ !**

આવા અનંતા તીર્થંકર ભગવંતોના દીક્ષા-કેવલ અને મોક્ષકલ્યાણકથી પવિત્ર ભૂમિ છે આ ગિરનાર ! એની સ્પર્શનાથી આપણે પણ ધન્ય બનીએ !

આ પાવનભૂમિના અજોડ આલંબને કંઈ કેટલાય મુમુક્ષુ આત્માઓના સંયમના અંતરાયો તૂટ્યા છે !

આ ભૂમિના આલંબને કંઈ કેટલાય આત્માઓ એ પ્રભુએ ચીંધેલા પ્રવ્રજ્યાના પંથે પગરવ માંડી આત્મકલ્યાણ સાધ્યું છે !

આ પાવનભૂમિએ શક્તિશાળી આત્માઓ ચારિત્ર જીવનના અંતરાયો તોડવાના સંકલ્પપૂર્વક ચારિત્રપદના દુહા બોલીને ૧૦૮ પ્રદક્ષિણા, ૧૦૮ ખમાસમણા અને ચારિત્રપદ આરાધનાર્થે ૧૦૮ લોગસ્સના કાઉસ્સગ્ગની આરાધના કરી પ્રવ્રજ્યાના પંથે ચાલી નીકળ્યા છે !

**આવો આ ગિરનાર મહાતીર્થના અપરંપાર મહિમાની આછી ઝલક જોઈએ !**

૧. આ પાવનભૂમિમાં વહેતા વાયુમાં અનંતા તીર્થંકરોના દીક્ષા અવસરના વૈરાગ્યની સુવાસ પ્રસરેલ છે...
૨. આ પાવનભૂમિમાં અનંતા તીર્થંકરોના કેવલજ્ઞાનનો પ્રકાશ ફેલાયેલો છે...
૩. આ પાવનભૂમિ અનંતા તીર્થંકરોના સિદ્ધિપદની મહેકથી મઘમઘાયમાન છે...
૪. આ પાવનભૂમિમાં વિશ્વના પ્રાચીનતમ શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી બિરાજમાન છે.
૫. આ પાવનભૂમિથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે.
૬. આ પાવનભૂમિની ઉપાસનાથી અતિચીકણા એવા ગાઢ નિકાચિત કર્મો પણ નાશ થઈ જાય છે...
૭. આ પાવનભૂમિ ઉપરથી વિશ્વની પ્રત્યેક વનસ્પતિ, ઔષધિ, જડીબુટ્ટીની પ્રાપ્તિ થાય છે...
૮. આ પાવનભૂમિમાં વસનારા જાનવરો પણ આઠમાં ભવમાં સિદ્ધપદને પામે છે...
૯. આ પાવનભૂમિ ઉપર શુદ્ધભાવથી દાન-શીલ-તપ-ભાવધર્મની કોઈ પણ આરાધના કરવામાં આવે તો શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ થાય છે...
૧૦. આ પાવનભૂમિનું ઘર બેઠાં પણ શુદ્ધભાવપૂર્વક ધ્યાન ધરવામાં આવે તો ચોથા ભવે મોક્ષની પ્રાપ્તિ થાય તો ત્યાં કરેલ આરાધના તો ક્યાં પહોંચાડે ?...
૧૧. આ પાવનભૂમિ ઉપર આકાશમાં ઉડતા પંખીનો પડછાયો પણ પડે તો તેના ભવોભવતણાં દુર્ગતિના ફેરા પણ ટળી જાય છે...
૧૨. આ પાવનભૂમિમાં સહસાવન મધ્યે શ્રી નેમિનાથ પરમાત્માના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરોડો દેવો દ્વારા કરવામાં આવી હતી...
૧૩. આ પાવનભૂમિમાં સહસાવનમાં સાધ્વીવર્યા રાજીમતીશ્રી સિદ્ધપદને પામ્યા હતા...

- **સહસાવન કલ્યાણભૂમિની સ્પર્શના-દર્શન-પૂજન કર્યા વગરની આપની ગિરનાર યાત્રા અધુરી રહી જાય છે. પહેલી ટૂંકની યાત્રા કરી કલ્યાણકભૂમિની સ્પર્શના કર્યા વગર નીચે પરત આવવું તે પરમાત્માની કલ્યાણકભૂમિની ઉપેક્ષારૂપ મહાઆશાતના છે.**
- સહસાવનમાં સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્મા સહિત ચૌમુખજી પ્રતિમાજી વિશાળ સમવસરણ મંદિરના મૂળનાયક છે. ત્યાં શ્રી નેમિનાથ પરમાત્માના કાળમાં જ બનેલી જીવિત સ્વામી શ્રી નેમિનાથની અને શ્રી રહનેમિજીની પ્રતિમા સિદ્ધ અવસ્થામાં છે. ગુફામાં પ્રભાવક શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા છે.
- સહસાવનમાં શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની દેરી પણ છે.
- સહસાવનમાં સહસાવન તીર્થના ઉદ્ધારક, સાધિક ૩૦૦૦ ઉપવાસ અને ૧૧૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કાર ભૂમિ પણ છે.

## અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

આ મહાતીર્થ મધ્યે થયેલા અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણકના દિવસોની ચોક્કસ તિથિ તથા તે સ્થાનથી આપણે અજ્ઞાત હોવાથી આપણા જન્મોજનમના અજ્ઞાનના અંધકારને દૂર કરવા...

ચાલો ! ગિરનાર ઉપર થયેલ વર્તમાન ચોવીસીના શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલા અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિના ભાવો સાથે આપણા અનંતાજન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.

શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક અવસરે અમાસ દિવસે જ કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી ત્યારે શ્રી નેમિનાથ પ્રભુના શાસનના ચતુર્વિધ સંઘની સ્થાપના તથા ગોમેધયક્ષ અને અંબિકાદેવીની તેઓના શાસનના અધિષ્ઠાયક દેવ-દેવી તરીકે સ્થાપના થઈ હતી.

- દર માસની અમાસે ગિરનારજી મહાતીર્થની યાત્રા કરવા અવશ્ય પધારો !
- દર મહિને, બે મહિને, ચાર મહિને નહીં તો છેવટે વર્ષમાં એકવાર તો ગિરનારની યાત્રા કરવા અવશ્ય પધારો !
- દર અમાસે ગિરનાર ન આવી શકો તો તે દિવસે આપના સ્થાનથી નજીકના શ્રી નેમિનાથ દાદાના તીર્થ કે જિનાલયમાં દર્શન-પૂજન-ભક્તિ કરવા અવશ્ય પધારજો!
- દર અમાસે આપના સંઘમાં શ્રી ગિરનારજી મહાતીર્થની ૯૯ પ્રકારી પૂજા ભણાવવા દ્વારા તીર્થભક્તિ કરવી.
- વસ્તુપાલ ચરિત્રમાં જણાવે છે કે ''ઘરે બેઠાં પણ ભાવથી ગિરનારનું ધ્યાન ધરો તો ચોથા ભવે મોક્ષ થાય.'' આ તીર્થભક્તિ માટે આપણે ગિરનારના ગુણોનું સ્મરણ, સ્તવના, ભક્તિ સ્વરૂપે રોજ ચૈત્યવંદન, ગિરનારના ૯ ખમાસમણા તથા ગિરનાર તીર્થ આરાધના માટે ૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
- **ગિરનારના ખમાસમણાના ૯ દુહા**

રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર... (૧)
સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર... (૨)
દીક્ષા-કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતાં, જનમ સફળ થયો જાણ... (૩)
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર... (૪)
કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત... (૫)
ગજપદ કુંડે નાહીને, મુખબાંધી મુખકોશ;
દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ... (૬)
એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ... (૭)
ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ... (૮)
આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર... (૯)

- ગિરનારની ૯૯ યાત્રા કરી અનેક પુણ્યાત્માઓ ગિરનાર સાથે પ્રીત બાંધી આવતી ચોવીસીમાં કોઈ પ્રભુના શાસનમાંથી પરમપદ પામવાનું રીઝર્વેશન કરાવી ચૂક્યા છે ! આપ પણ આવી અમૂલ્ય તક ચૂકશો નહીં.

## ગિરનારની સેવાની અમૂલ્ય તક

ગિરનાર પહેલી ટૂંકે ત્રણ દિવસ સ્થિરતા કરી ગિરનાર સેવાના અભિયાનમાં જોડાય શકો છો. **સંપર્ક : સમકિત ગ્રુપ - 9821327388**

તથા

૧) સહસાવનમાં પણ ત્રણ દિવસ સ્થિરતા કરી ગિરનાર સેવાના અભિયાનમાં જોડાય શકો છો.
૨) સહસાવનમાં ફક્ત ભાઈઓ માટે ૨૦ દિવસમાં ૧ લાખ નવકાર મહામંત્રની આરાધના કરવા માટે સ્થિરતા કરવાની વ્યવસ્થા છે.

**સંપર્ક : સંજયભાઈ પાલગોતા - 9036524984.**

## યાત્રા કરતા પહેલા આ ખાસ વાંચો

જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર,
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

શું આપ આ ગિરનાર મહાતીર્થની યાત્રા કરવા આવ્યા છો ?
શું આપ ગિરનાર મહાતીર્થનો મહિમા જાણો છો ? નહીં ?

**તો આવો આ ગિરનાર મહાતીર્થની અપરંપાર મહિમાની આછી ઝલક જોઈએ !**


૧. આ પાવનભૂમિમાં વહેતા વાયુમાં અનંતા તીર્થંકરોના દીક્ષા અવસરના વૈરાગ્યની સુવાસ પ્રસરેલ છે...
૨. આ પાવનભૂમિમાં અનંતા તીર્થંકરોના કેવલજ્ઞાનનો પ્રકાશ ફેલાયેલો છે...
૩. આ પાવનભૂમિ અનંતા તીર્થંકરોના સિદ્ધિપદની મહેકથી મઘમઘાયમાન છે...
૪. આ પાવનભૂમિમાં વિશ્વના પ્રાચીનતમ શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી બિરાજમાન છે.
૫. આ પાવનભૂમિથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે.
૬. આ પાવનભૂમિની ઉપાસનાથી અતિચીકણા એવા ગાઢ નિકાચિત કર્મો પણ નાશ થઈ જાય છે...
૭. આ પાવનભૂમિ ઉપરથી વિશ્વની પ્રત્યેક વનસ્પતિ, ઔષધિ, જડીબુટ્ટીની પ્રાપ્તિ થાય છે...
૮. આ પાવનભૂમિમાં વસનારા જાનવરો પણ આઠમાં ભવમાં સિદ્ધપદને પામે છે...
૯. આ પાવનભૂમિ ઉપર શુદ્ધભાવથી દાન-શીલ-તપ-ભાવધર્મની કોઈ પણ આરાધના કરવામાં આવે તો શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ થાય છે...
૧૦. આ પાવનભૂમિનું ઘર બેઠાં પણ શુદ્ધભાવપૂર્વક ધ્યાન ધરવામાં આવે તો ચોથા ભવે મોક્ષની પ્રાપ્તિ થાય તો ત્યાં કરેલ આરાધના તો ક્યાં પહોંચાડે ?...
૧૧. આ પાવનભૂમિ ઉપર આકાશમાં ઉડતા પંખીનો પડછાયો પણ પડે તો તેના ભવોભવતણાં દુર્ગતિના ફેરા પણ ટળી જાય છે...
૧૨. આ પાવનભૂમિમાં સહસાવન મધ્યે શ્રી નેમિનાથ પરમાત્માના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરોડો દેવો દ્વારા કરવામાં આવી હતી...
૧૩. આ પાવનભૂમિમાં સહસાવનમાં સાધ્વીવર્યા રાજીમતીશ્રી સિદ્ધપદને પામ્યા હતા...

- **સહસાવન કલ્યાણભૂમિની સ્પર્શના-દર્શન-પૂજન કર્યા વગરની આપની ગિરનાર યાત્રા અધુરી રહી જાય છે. પહેલી ટૂંકની યાત્રા કરી કલ્યાણકભૂમિની સ્પર્શના કર્યા વગર નીચે પરત આવવું તે પરમાત્માની કલ્યાણકભૂમિની ઉપેક્ષારૂપ મહાઆશાતના છે.**
- સહસાવનમાં સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્મા સહિત ચૌમુખજી પ્રતિમાજી વિશાળ સમવસરણ મંદિરના મૂળનાયક છે. ત્યાં શ્રી નેમિનાથ પરમાત્માના કાળમાં જ બનેલી જીવિત સ્વામી શ્રી નેમિનાથની અને શ્રી રહનેમિજીની પ્રતિમા સિદ્ધ અવસ્થામાં છે. ગુફામાં પ્રભાવક શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા છે.
- સહસાવનમાં શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની દેરી પણ છે.
- સહસાવનમાં સહસાવન તીર્થના ઉદ્ધારક, સાધિક ૩૦૦૦ ઉપવાસ અને ૧૧૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કાર ભૂમિ પણ છે.


### સહસાવન કલ્યાણકભૂમિની યાત્રા કેવી રીતે કરવી ?

શ્રી ગિરનારની પહેલી ટૂંક (૩૮૩૯ પગથીયા)થી ૨૮૦ પગથીયા ચડી ગૌમુખી ગંગાના મંદિરની પહેલા ડાબી બાજુ વળીને થોડું ચાલતા સેવાદાસનો આશ્રમ આવે છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ઉતરતા વિશાળ સહસાવન સમવસરણ મંદિર આવે છે. ત્યાંથી ૧૦૦ પગથીયા ઉતરતા કેવળજ્ઞાન અને દીક્ષાકલ્યાણકની દેરી આવે છે. પાછા ૫૦ પગથીયા ચડીને તળેટીને રસ્તે ૩૨૦૦ પગથીયા ઉતરીને અડધો કિલોમીટર ચાલતા તળેટીની ધર્મશાળા આવે છે.

**સહસાવન જવા માટેનો બીજો રસ્તો**

જય તળેટી આદિનાથ મંદિર તથા શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકાના મંદિરમાં દર્શન કરીને ૨૫ ડગલા પાછા ફરીને જમણી બાજુ દિગંબર ધર્મશાળાની બાજુમાંથી નીકળીને અડધો કિલોમીટર ચાલીને ૩૨૫૦ સહેલા પગથીયા ચડીને સહસાવન પહોંચી શકાય છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ચડીને ૩૦૦ પગથિયાની ચડઉતર પછી ૨૮૦ પગથીયા ઉતરવાથી શ્રી નેમિનાથ પરમાત્માની પહેલી ટૂંકના મંદિરમાં પહોંચી શકાય છે. ચાર-પાંચ યાત્રિકો સાથે જવાથી આ રસ્તે ભયનું કોઈ કારણ રહેતું નથી.

**યાત્રાક્રમ**

- સૌથી પહેલા ગિરનાર મહાતીર્થની તળેટીમાં આદિનાથ દાદાના જિનાલયે ચૈત્યવંદન કરવું.
- જયતળેટી પર શ્રી નેમિનાથ પરમાત્મા વગેરે પ્રભુજીની ચરણ પાદુકાની દેરીમાં ચૈત્યવંદન કરવું.
- ગિરનારની પહેલી ટૂંકની તરફ ૩૮૩૮ પગથીયા ચડતી વખતે આ પવિત્રભૂમિની આશાતના ન થાય તેમ મનમાં પવિત્રતા રાખવા ટેપરેકોર્ડર, મોબાઈલ અને રસ્તામાં મસ્તી-મજાક ન કરતા પરમાત્માનું નામ સ્મરણ કરતા તીર્થંકરની કલ્યાણક ભૂમિની સ્પર્શના કરવાની શુભ ભાવના સાથે ચડવું.
- યાત્રા દરમ્યાન નીચે દ્રષ્ટિ રાખીને ધીરે ધીરે જયણાપૂર્વક જીવદયાનું પાલન કરવું જોઈએ.
- યાત્રા દરમ્યાન કોઈનું મન કલુષિત ન થાય અને મર્યાદાનું પાલન થાય એવા વસ્ત્રો પહેરીને યાત્રા કરવી.
- યાત્રા દરમ્યાન કોઈ સાથે કષાય ન થાય અને કઠોર વાક્ય ન બોલાઈ જાય માટે મૌનપૂર્વક શાંતિથી યાત્રા કરવાનો આગ્રહ રાખવો.
- પહેલી ટૂંકે પહોંચીને શ્રી નેમિનાથ પરમાત્માના દર્શન કરી સ્નાન કરીને તૈયાર થવું. જો પ્રક્ષાલને થોડો સમય વાર હોય તો અંદરના ત્રણ મંદિર (૧) મેરકવસી (૨) સગરામસોની અને (૩) કુમારપાળના મંદિરના દર્શન-પૂજન કરશો. પછી મૂળનાયકની પક્ષાલ પૂજા કરીને આજુબાજુની દેરીની પૂજા કરશો. પછી મૂળનાયકની પૂજા કરીને બહારના મંદિરમાં દર્શન-પૂજન કરવા જશો. જો સામાન લઈને બહારના મંદિરની પૂજા કરવા જાઓ તો ચૌમુખજી મંદિર અને રહનેમિજી મંદિરની પૂજા કરીને સીધા સહસાવન કલ્યાણકભૂમિ તરફ જઈ શકાય છે.

## ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઈ ગયા ?

તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી, હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં પણ ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે.

હા ! હા ! તેમાં આશ્ચર્ય પામવાની કોઈ જરૂર નથી !

- ગિરનારની પહેલી યાત્રામાં પહેલી ટૂંકના લગભગ ૩૮૪૦ પગથિયા ચડવાના.
- બીજી યાત્રા માટે સહસાવન તરફ ઉતરવા માટે પ્રથમ લગભગ ૨૮૦ પગથિયા ચઢવાના પછી ગૌમુખી ગંગાના સ્થાન પાસેથી ડાબી બાજુ લગભગ ૩૦૦ પગથિયાની ચડઉતર કરીને સેવાદાસના આશ્રમથી ૧૨૦૦ પગથિયા ઉતરતાં સહસાવન સમવસરણ મંદિર આવે. ત્યાંથી કેવળજ્ઞાન અને દીક્ષા કલ્યાણકની ભૂમિએ પહોંચતા લગભગ ૧૦૦ પગથિયા થાય ત્યાં પહેલી યાત્રા પૂર્ણ થાય.
- દીક્ષા કલ્યાણક ભૂમિથી પાછા બીજી યાત્રા શરૂ કરવા માટે લગભગ ૧૩૦૦ પગથિયા સેવાદાસ આશ્રમ સુધી ચડવાના ત્યારબાદ લગભગ ૩૦૦ પગથિયાની ચડઉતર કરીને લગભગ ૨૮૦ પગથિયા ઉતરતા પહેલી ટૂંકે આવી જવાય. ત્યાં દર્શન કરીને પાછા સહસાવન.
- દીક્ષા કલ્યાણભૂમિ સુધી જઈને પાછા પહેલી ટૂંકે આવવાનું પછી દર્શન કરીને જય તળેટી તરફ ઉતરવાનું અથવા વધુ યાત્રા કરવી હોય તો પાછા સહસાવન તરફ જવાનું અને પાછા દાદાની ટૂંકે આવી જય તળેટી જવાનું.

શત્રુંજયની પહેલી ટૂંકના લગભગ ૩૬૦૦ પગથિયા અને ઘેટી પાગના લગભગ ૨૮૦૦ પગથિયા થાય, જ્યારે અહીં પહેલી ટૂંકના લગભગ ૩૮૪૦ પગથિયા અને સહસાવનના માત્ર લગભગ ૧૯૦૦ પગથિયા થતાં હોવાથી અહીંની ૯૯ યાત્રા વધુ સરળ રીતે થાય છે.

માટે કોઈ પણ ડર રાખ્યા વગર અનંતા તીર્થંકર પરમાત્માની કલ્યાણકભૂમિ એવા ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રા કરવા દ્વારા કલ્યાણકભૂમિની વારંવાર સ્પર્શના કરવાની અમૂલ્ય તક ચૂકશો નહીં.

## અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

દેવાંગના ને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતા,
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતા,
**એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.**

શાસ્ત્રકારો ફરમાવે છે કે...

ગિરનાર મહાતીર્થ મધ્યે આજ પર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક થયેલ છે તથા અન્ય અનંતા તીર્થંકરના પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક થયા છે.

આ મહાતીર્થ ઉપર થયેલ અનંતા તીર્થંકર કલ્યાણક દિનોની તિથિ તથા ચોક્કસ સ્થાનથી પણ આપણે આજે અજ્ઞાત છીએ ત્યારે આપણા જન્મો જનમના અજ્ઞાન તિમિરને દૂર કરવા...

ચાલો ! શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિની આરાધના દ્વારા આપણા અનંતાજન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.

શ્રી નેમિપ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક અવસરે અમાસના દિવસે કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી. ત્યારે શ્રી નેમિપ્રભુના શાસનના તથા શ્રી ગિરનારજી મહાતીર્થના અધિષ્ઠાયિકા દેવી તરીકે અંબિકાદેવીની સ્થાપના પણ અમાસના દિવસે જ થઈ હતી.

## દર માસની અમાસે ગિરનારજી મહાતીર્થની યાત્રા કરવા અવશ્ય પધારો...

## બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુના કલ્યાણક દિન

**ચ્યવનકલ્યાણક** - આસો વદ ૧૨, શૌરીપુરી
**જન્મકલ્યાણક** - શ્રાવણ સુદ ૫, શૌરીપુરી
**દીક્ષાકલ્યાણક** - શ્રાવણ સુદ ૬, સહસાવન (ગિરનાર)
**કેવળજ્ઞાનકલ્યાણક** - ભાદરવા વદ અમાસ, સહસાવન (ગિરનાર)
**મોક્ષકલ્યાણક** - અષાઢ સુદ ૮, પાંચમી ટૂંક (ગિરનાર)

## • શ્રી નેમિનાથ ભગવાનની વિવિધ માહિતી •

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ચ્યવન** | - | આસો વદ ૧૨ | **માતા** | - | શિવાદેવી | **પ્રથમ ભિક્ષાદાતા** | - | વરદત્ત | **વૈક્રિયલબ્ધિધર** | - | ૧૫૦૦ |
| **જન્મ** | - | શ્રાવણ સુદ ૫ | **પિતા** | - | સમુદ્ર વિજય | **કેવળજ્ઞાન વૃક્ષ** | - | વેતસ | **વાદિમુનિ** | - | ૮૦૦ |
| **દીક્ષા** | - | શ્રાવણ સુદ ૬ | **માતા પિતાની ગતિ** | - | માહેન્દ્ર દેવલોક | **પ્રથમ ગણધર** | - | વરદત્ત | **ચૈત્યવૃક્ષ ઊંચાઈ** | - | ૧૨૦ ધનુષ |
| **કેવળજ્ઞાન** | - | ભાદરવા વદ અમાસ | **લંછન** | - | શંખ | **પ્રથમ સાધ્વી** | - | યક્ષદત્તા | **સમવસરણમાન** | - | ૬ કોશ |
| **મોક્ષ** | - | અષાઢ સુદ ૮ | **ગણ** | - | રાક્ષસ | **ગણધર** | - | ૧૮ | **આયુષ્ય** | - | ૧૦૦૦ વર્ષ |
| **પૂર્વભવ સંબંધ** | - | ૯ ભવ | **યોનિ** | - | મહિષ | **સાધુ** | - | ૨૪ હજાર ૭૦૦ | **મોક્ષનક્ષત્ર** | - | ચિત્રા |
| **પૂર્વ ભવ** | - | અપરાજિત વિમાન | **વર્ણ** | - | શ્યામ | **સાધ્વી** | - | ૪૦ હજાર | **મોક્ષપરિવાર** | - | ૫૩૬ |
| **પૂર્વ ભવ આયુષ્ય** | - | ૩૩ સાગરોપમ | **ઊંચાઈ** | - | ૧૦ ધનુષ | **શ્રાવક** | - | ૧ લાખ ૬૯ હજાર | **મોક્ષસમય** | - | પ્રથમ રાત્રે |
| **ચ્યવનનક્ષત્ર** | - | ચિત્રા | **કુમારઅવસ્થા** | - | ૩૦૦ વર્ષ | **શ્રાવિકા** | - | ૩ લાખ ૩૯ હજાર | **યક્ષ** | - | ગોમેધ |
| **ચ્યવનરાશિ** | - | કન્યા | **દીક્ષાતપ** | - | છઠ્ઠ | **કેવલી** | - | ૧૫૦૦ | **યક્ષિણી** | - | અંબિકા |
| **ગર્ભસ્થિતિ** | - | ૯ માસ ૮ મહીના | **દીક્ષા પરિવાર** | - | ૧૦૦૦ રાજકુમાર | **મનઃપર્યવજ્ઞાની** | - | ૧૦૦૦ | **કેવલવન** | - | સહસ્ત્ર આમ્ર (સહસાવન) |
| **જન્મદેશ** | - | કુશાર્ત દેશ | **દીક્ષાવન** | - | સહસ્ત્ર આમ્ર (સહસાવન) | **અવધિજ્ઞાની** | - | ૧૫૦૦ | **પ્રથમ શ્રાવક** | - | નંદ |
| **જન્મ નગરી** | - | સૌર્યપુરી (સૌરીપુરી) | **દીક્ષા સમય** | - | પૂર્વાહ્ન | **ચૌદ પૂર્વી** | - | ૪૦૦ | **પ્રથમ શ્રાવિકા** | - | મહાસુવ્રતા |

## • શ્રી નેમિનાથ ભગવાનના જીવનની આછી ઝરમર •

• જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં ઉત્તરે સૌરીપુરી નગરીમાં લગભગ ૮૮ હજાર વર્ષ પૂર્વે શ્રી સમુદ્રવિજય રાજા રાજ્ય કરતા હતા તેમને શિવાદેવી નામે રાણી હતી. તે મહારાજાને નવ ભાઈઓ હતા. સૌથી નાનો ભાઈ વસુદેવ, તે રોહિણી, દેવકી વગેરે અનેક રાજકન્યાઓને પરણ્યા હતા. રોહિણીના પુત્રનું નામ બળદેવ હતું અને દેવકીના પુત્રનું નામ શ્રીકૃષ્ણ. એ સમયે મથુરામાં કંસ નામે જુલમી રાજા હતો જેણે પોતાના પિતા ઉગ્રસેનને પણ કેદ કર્યા હતા. પ્રજા તેનાથી કંટાળી ગઈ હતી. આખરે કંસરાજાનો વધ શ્રી કૃષ્ણે કર્યો. મથુરાની ગાદી પર ઉગ્રસેન રાજા આવ્યા તેથી કંસ રાજાનો સસરો જરાસંઘ શ્રી કૃષ્ણ પર ક્રોધિત થયો. પરિણામે સમુદ્રવિજય મહારાજા વગેરે સૌ ગભરાયા. તેઓએ રાજ્ય અને ઘરબાર છોડી દીધા અને સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવીને વસ્યા. ત્યાં તે નગરી વસાવી તે દ્વારિકા નગરી તરીકે ઓળખાઈ. આજે તો એ દ્વારિકા રહી નથી. આજનું દ્વારકા તે પાછળથી વસેલું નગર છે.

### • નેમિકુમારનાં ચ્યવન તથા જન્મકલ્યાણક :

સૌરીપુરી નગરીમાં સમુદ્ર વિજયના રાણી શિવાદેવીએ એક વખત રાત્રીનો શેષ કાળ બાકી રહ્યો હતો ત્યારે હાથી, વૃષભ, સિંહ વગેરે ચૌદ સ્વપ્નોને મુખમાં પ્રવેશતા જોયા. તે વખતે આસો વદ બારસે (મારવાડી કારતક વદ બારસે) જ્યારે ચંદ્રનો યોગ ચિત્રા નક્ષત્રમાં હતો, ત્યારે અપરાજિત નામના અનુત્તર વિમાનમાંથી બત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી શંખરાજાનો જીવ શિવાદેવીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. આ સમયે ત્રણે જગતમાં ઉદ્યોત થયો અને નારકીના જીવોએ પણ ક્ષણવાર સુખનો અનુભવ કર્યો. શિવાદેવીએ સ્વપ્ન વિષે સમુદ્રવિજયને જણાવ્યું. સ્વપ્ન પાઠકના કહ્યા અનુસાર શિવાદેવીની કુક્ષીએ તીર્થંકર પુત્રનો પ્રવેશ થયો હતો. આ જીવનો દેહ પ્રતિદિન ગર્ભમાં વૃદ્ધિ પામતા અનુક્રમે નવમાસ પૂર્ણ થતા શ્રાવણ સુદ પાંચમની રાત્રીએ ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે શિવાદેવીએ શંખના લાંછનવાળા એક પુત્રને જન્મ આપ્યો. છપ્પન દિક્કુમારિકાઓ અને ચોસઠ ઈન્દ્રોએ અન્ય દેવો સહિત પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યો. રાજા સમુદ્ર વિજયે પ્રાતઃકાળે મહોત્સવ સાથે અપરાધીને કારાગૃહમાંથી છોડવા વગેરે સત્કર્મ કર્યું અને પ્રભુ જ્યારે માતાના ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાએ સ્વપ્નમાં ચક્ર જોયું હોવાથી તેમનું નામ અરિષ્ટનેમિ અર્થાત્ નેમિકુમાર પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થામાં પણ સૌના મનને આકર્ષતા નેમિકુમાર ધીમે ધીમે સમય પસાર કરવા લાગ્યા. ઈન્દ્રની આજ્ઞાથી અપ્સરાઓ પ્રભુનું લાલનપાલન કરવા લાગી અને દેવતાઓ સમાનવયના થઈને ક્રીડા કરવા આવતા. એક દિવસ સ્વજનોથી પરિવરેલા સમુદ્રવિજય રાજા ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા... તે ઉદ્યાનમાં શ્રી નેમિકુમારને જોઈ સૌધર્મપતિએ હર્ષથી દેવતાઓને કહ્યું, ''આ જગતમાં રાજા સમુદ્રવિજય ધન્ય છે, અત્યારે તે સૌભાગ્યની ભૂમિરૂપ છે. કારણ કે તેમને ઘેર શ્રી નેમિનાથ પ્રભુ પુત્રપણે અવતર્યા છે. આ શ્રી નેમિનાથ પ્રભુ બાળક છતાં તેમનામાં જે સત્ત્વ (બળ) રહેલું છે, તેવું સત્ત્વ બીજા કોઈ દેવમાં કે દાનવમાં કહી શકાય તેમ નથી. એક તરફ આ પ્રભુનું અદ્ભુત બળ રાખીએ અને બીજી તરફ ત્રણે જગતનું બળ રાખીએ તો પણ મેરૂ અને તલની ઉપમા થાય.''

આ પ્રમાણે સૌધર્મપતિના વચનો સાંભળી કેટલાક દેવતાઓ તે સહન કરી શક્યા નહીં. તેઓ બોલ્યા, 'હે ઈન્દ્ર ! અમે બળથી એક રમત માત્રમાં મોટા સાગરને શોષી નાખીએ અને મોટા પર્વતોને ચૂર્ણ કરી નાખીએ, તે આવી સ્તુતિને કેમ સહન કરી શકીએ ? તેથી હે સ્વામી ! તે પ્રભુનું બળ જોવા અમે ઉત્સુક થઈ ત્યાં જવા ઈચ્છીએ છીએ.' આ પ્રમાણે કહી રજા લઈને તેઓ નેમિનાથ પ્રભુએ પવિત્ર કરેલા ઉદ્યાનમાં આવ્યા.

### • દેવો દ્વારા બાળ નેમિકુમારની બળ પરીક્ષા :

તે ઉદ્યાનમાં લોકોથી પરસ્પર હાથોહાથ તેડીને લાલન કરાતા પ્રભુ તેમણે જોયા. છળ શોધતા દેવતાઓ ત્યાં રહ્યા. એક વખત નિર્જન સ્થળમાં વિશ્રાંત થયેલા પ્રભુને જોઈ તેઓ ચોરની જેમ તેમને હરી ગયા અને પ્રભુને લઈને આકાશમાં ચાલ્યા. સવા લાખ યોજન ગયા પછી પ્રભુએ અવધિજ્ઞાનથી દેવતાઓને ઉત્પન્ન થયેલો વિકાર જાણી લીધો. તત્કાળ પ્રભુએ લેશમાત્ર બળ બતાવ્યું એટલે તે દેવતાઓ એવી રીતે નીચે પડ્યા કે, તેના આઘાતથી પૃથ્વીમાં સો યોજન ઊંડા ચાલ્યા ગયા. તે સ્વરૂપ જોઈ દેવોની ઉપર દયા લાવીને ઈન્દ્ર નેમિનાથ પ્રભુની પાસે આવ્યા અને બોલ્યા : 'હે વિશ્વત્રાતા ! હે જગતના નાથ ! ગર્વના ભારથી ભગ્ન થયેલા આ ગરીબ દેવોને હવે હેરાન કરો નહી. હે નાથ ! તમારા વિના આ સંસારમાં બીજો કોણ રક્ષક છે ? માટે, હે કૃપાલુ ! એ દીન દેવતાઓની ઉપર અનુગ્રહ કરો. હે સ્વામી ! તમે અશરણના શરણ છો અને બાલરૂપ છતા પરાક્રમમાં અબાળ છો, આથી વિશેષ સ્તુતિ શું કરવી ?' એવી રીતે સ્તુતિ કરી, દેવોને છોડાવી, પ્રભુને ખમાવીને ઈન્દ્ર સ્વર્ગમાં ગયા.

શ્રી નેમિનાથ પ્રભુનું આવું અપ્રતિમ બળ જોઈ સમુદ્રવિજય વગેરે સર્વ હર્ષ પામી ઉત્સવપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. તે દેવો પણ પ્રભુના પ્રાસાદમાં મહોત્સવ કરીને હર્ષથી શ્રી નેમિનાથ પ્રભુનું સ્મરણ કરતા કરતા પોતાના સ્થાનકે ગયા. ત્યારથી માંડીને શ્રી નેમિનાથ પ્રભુ ક્રોડો દેવતાઓથી રક્ષણ કરાતા પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા.

### • દેવો દ્વારા યુવાન નેમિકુમારના સત્ત્વની પરીક્ષા :

દશ ધનુષ્યની ઊંચી કાયાવાળા પ્રભુ અનુક્રમે યૌવનવય પામ્યા. તથાપિ જન્મથી કામદેવને જીતનારા હોવાથી તેમનું મને અવિકારી રહેલું હતું. તેવામાં એક વખત સ્વર્ગમાં ઈન્દ્રે ફરી દેવતાઓની આગળ સભા વચ્ચે શ્રી નેમિનાથ પ્રભુનું અદ્ભુત સત્ત્વ આ પ્રમાણે વર્ણવ્યું; 'ત્રણ લોકમાં સત્ત્વ, શૌર્ય, બળ, દાન, રૂપ અને ગુણમાં શ્રી નેમિનાથ ભગવંતની ઉપમાને યોગ્ય થાય તેવો કોઈ પણ પુરુષ નથી.'

આ સાંભળી કેટલાક મિથ્યાત્વી દેવતાઓ ઈન્દ્રનાં વચનને મિથ્યા કરવા માટે તત્કાળ પૃથ્વી ઉપર આવ્યા. રૈવતાચળની નીચેની ભૂમિ ઉપર સુરધાર નામે એક નગર વસાવી, તેઓ મનુષ્યરૂપે થઈ તેમને અસ્વસ્થ કરવા માટે રહ્યા. તેઓ દ્વારિકાનગરીના ઉદ્યાનની વૃક્ષ શ્રેણીને લીલામાત્રમાં ઉખેડી નાખવા લાગ્યા. ગરીબ ભાર ઉપાડનારા લોકોનો પરાભવ કરવા લાગ્યા, પાણી ભરનારા તથા અન્ય લોકોની ઉપર પણ બહુ પ્રકારે જુલમ કરવા લાગ્યા અને દ્વારિકાના કિલ્લા સુધી પોતાની દુઃસહ આજ્ઞા ચલાવવા લાગ્યા.

આ પ્રમાણે તેઓએ નગરમાં મોટો કોલાહલ કર્યો. તે સાંભળી વાસુદેવના પ્રથમ પુત્ર અનાધૃષ્ટિને કોપ ચડ્યો અને ક્રોધ વડે રાજા સમુદ્રવિજયની આજ્ઞા લીધા વગર એ વીરમાની કુમાર રથમાં બેસી પ્રૌઢ પરાક્રમ વડે સર્વ આયુધો સાથે લઈ તેઓને જીતવાની ઈચ્છાથી તત્કાલ ત્યાં દોડી ગયો. ક્રોધથી ઉદ્ધર એવા અનાધૃષ્ટિએ શંખ ફૂંક્યો અને ધનુષ્યનો ટંકાર કર્યો. તેનો નાદ સાંભળી તત્કાળ દેવો ક્રોધથી માયાવી નગર બહાર નીકળ્યાં અને માયાથી અનાધૃષ્ટિને જીતી લઈ ક્રોધથી આકુળ થયેલા તેને તેઓ નગરમાં લઈ ગયા.

પછી સમુદ્રવિજયની આજ્ઞાથી મહાભુજ રામ અને કૃષ્ણે પંચજન્ય શંખ વગેરેના નાદથી ઘણા સુભટોને એકઠા કર્યા અને તે બંને વીરોએ પોતપોતાનાં આયુધોને લઈ રથમાં બેસી તે નગર પાસે આવીને તે માયાવી દેવોને યુદ્ધ માટે બોલાવ્યા. એટલે તે દેવોએ વેગથી બહાર આવી, પોતાની માયા બતાવીને રામ અને કૃષ્ણને જીતી લીધા અને બંનેને રથ સહિત પોતાના નગરમાં લઈ ગયા.

રામ અને કૃષ્ણના હરણથી દ્વારિકાનગરીમાં મોટો કોલાહલ થયો. રામ, કૃષ્ણ જેવા વીર કે જેઓ દેવોને પણ પૂજ્ય અને અજેય છે, તેઓને જીતી લીધા. તો હવે શું થશે ? પ્રજાવર્ગ એવી ચિંતામાં પડ્યો. તે વખતે શ્રી નેમિપ્રભુ પોતાના મહેલમાં લીલા વડે ફરતા હતા. તેમને કૃષ્ણની સ્ત્રીઓએ ઉપહાસમાં કહ્યું કે, 'હે અરિષ્ટનેમિ ! અમે સાંભળ્યું છે કે, 'સર્વજ્ઞ ભગવંતો અનંતવીર્યવાળા હોય છે. તેઓ મેરુનો દંડ અને પૃથ્વીનું છત્ર કરવાને સમર્થ હોય છે.' તમે પણ આપણા કુળમાં અર્હત્પણે અવતર્યા છો. તેથી કાંઈપણ તમારું અખંડિત પરાક્રમ પ્રગટ કરી બતાવો. તમે હોવા છતાં શત્રુઓ તમારા ભાઈઓનો પરાભવ કરે છે, તેથી શ્રી તીર્થંકરભગવંત એવા તમારું બળ આજે આમ વૃથા થઈ રહ્યું છે.

આ સમયે કોષ્ટુકિ નિમિત્તજ્ઞે સમુદ્રવિજયને કહ્યું કે, 'સ્વામી ! આ વખતે યુદ્ધ કરવાનો તમારો પ્રયાસ નિષ્ફળ છે. કેમ કે વિશ્વમાં વીર એવા રામ, કૃષ્ણને જેઓએ એક લીલામાત્રમાં જીતી લીધા, તેવા પુરુષો તો તીર્થંકરથી જ જીતાશે. અસુરો કે સુરોથી પણ તે જીતાશે નહીં. આ પ્રમાણે તે કહે છે તેવામાં ઈન્દ્રની આજ્ઞાથી એક ઉત્તમ રથ લઈને માતલિ સારથી ત્યાં આવ્યો. તેણે નેમિનાથ પ્રભુને પ્રણામ કરી વિજ્ઞપ્તિ કરી, 'હે સ્વામી ! આપની ઈચ્છાની સાથે જ થયેલી ઈન્દ્રની આજ્ઞાથી હું રથ લઈને આવ્યો છું. માટે તેમાં આરુઢ થઈ શત્રુઓને જીતી લ્યો.' પછી સમુદ્રવિજયના મુખ સામું જોઈ પ્રભુ રથ ઉપર બેઠા અને એક ધનુષ્ય સિવાય બીજા સર્વ શસ્ત્રો છોડી દીધાં. 'સર્વની રક્ષાનો મંત્ર હું છું, તો મારી રક્ષા આનાથી શા માટે હોય.' એવું જાણે ધારતા હોય તેમ પ્રભુએ બખ્તર પણ છોડી દીધું. એ પ્રમાણે રથ ઉપર બેસીને ભગવંત ક્ષણમાં માયાનગર પાસે આવ્યા અને શંખના ધ્વનિ વડે ચારે બાજુથી શત્રુઓને બોલાવ્યા. નગરની આસપાસ વેગથી ફરતા એવા એ રથના આઘાતથી ગઢના કાંગરા પડી ગયા.

વળી રથના આઘાતથી સર્વ દેવતાઓ એકઠા થઈ ચતુરંગ સેના લઈ વિમાનોમાં બેસી વેગ વડે ત્યાં આવ્યા. તેઓ ઊંચે સ્વરે ભંભા, નિશાન અને કાહલને વગાડવા લાગ્યા. તેના પ્રતિધ્વનિ વડે લોકો પ્રલયકાળની શંકા કરવા લાગ્યા. તે માયાવી દેવોએ મોટા મોટા પર્વતોને પણ દુઃસહ એવા મહાન વંટોળિયા વિકુર્વ્યા. તેથી આકાશમાં મહાનિષ્ઠુર નાદ થયો. પૃથ્વી અત્યંત અસ્થિર થઈ ગઈ. મેઘના કડાકા જેવી પ્રચંડ ગર્જના થવા લાગી. પૃથ્વીમાંથી નીકળતી ધૂમશિખા આકાશમાં ફેલાઈ ગઈ. સ્થાને સ્થાને મોટા હસ્તીઓ, અતિભયંકર કેશરીસિંહો અને વ્યાઘ્ર પ્રમુખ પ્રાણીઓ બુંબારવ કરવા લાગ્યા. વીંછીઓ અને અજગરો પ્રગટ થયા. વિકરાળ એવા ઘણા શાકિની ભૂત અને વેતાળ વૃદ્ધિ પામી ભૂમિ પર ઘણો ભય આપવા લાગ્યા.

તે દેવોનું આવું વિકરાળ સ્વરૂપ જોઈ પ્રભુએ કાંઈક હસી પોતાનું ધનુષ્ય લીલામાત્રમાં પણછ ઉપર ચડાવ્યું. નમતા ધનુષ્યના દુઃસહ ટંકારથી સિંહાદિક પ્રાણીઓ ત્રાસ પામી ગયા. પછી પ્રભુએ ધનુષને ખેંચી ફરીવાર દૃઢ રીતે આસ્ફાલિત કર્યું. એટલે તેમાંથી નીકળતા અગ્નિ વડે અંધકારના સમૂહ દૂર થઈ ગયા. તે સમયે કેટલાકને આકાશમાં અને કેટલાકને ભૂમિ ઉપર પ્રગટ થયેલા જોઈ પ્રભુએ હસતાં હસતાં કહ્યું કે, 'હવે બધુ સારું થશે.' એવું કહીને પ્રભુએ ધનુષ ઉપર પૃથ્વી, પર્વત અને સાગરનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવું અમોઘ વાયવ્યાસ્ત્ર સાધ્યું, કાન સુધી ખેંચી પ્રભુએ તત્કાળ છોડ્યું. તેમાંથી એવો પવન ઉત્પન્ન થયો કે જેથી દેવોનાં વિમાનો રૂની જેમ ઊડી ઊડીને ક્યાંના ક્યાં જતાં રહ્યાં. **'જગત્પ્રભુની એવી અપાર શક્તિ છે.'** તે વાયુથી પરસ્પર અથડાયેલા વિમાનો પ્રલયકાળના મેઘની જેમ અંગારાની વૃષ્ટિ કરવા લાગ્યા. પછી ભગવાને મોહનાસ્ત્ર નામે એક બીજું બાણ છોડ્યું. તેથી સર્વ દેવો ચેતન રહિત થઈને પૃથ્વી પર આળોટવા લાગ્યા. તે બાળજનિત તંદ્રાથી તેને જોનારા પક્ષીઓ, માનવો, દેવતાઓ પણ સર્વે સ્થિર થઈ ગયા. પ્રભુના આવા પરાક્રમની હકીકત જાણી ઈન્દ્ર સૌધર્મ દેવલોકમાંથી નીચે આવી નમીને પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

'હે સ્વામી ! વિશ્વમાં સારરૂપ, જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ, અનંતવીર્યવાળા અને દુસ્સહ ભુજાના બળવાળા હે ભગવંત ! આપ જય પામો. હે નાથ ! આપ લોકને અલોકમાં નાંખવાને, મેરુગિરિને અંગૂઠાથી ઉપાડવાને અને આખા વિશ્વનો વિપર્યય કરવાને સમર્થ છો. હે જગતના સ્વામી ! સુર, અસુર, મનુષ્ય અને નાગકુમારોથી તેમજ અમારા જેવાથી પણ આપનું બળ સહન થઈ શકે તેમ નથી. હે સ્વામી ! આપની પ્રવૃત્તિ સર્વ જગતની રક્ષાને માટે જ છે. તે છતાં હમણાં આવો સમારંભ કેમ આદર્યો છે ? આ બિચારા અજ્ઞાની દેવતાઓ આપના ક્રોધને સહન કરી શકે તેમ નથી. માટે હે નાથ ! હવે વેગથી અસ્ત્રોને સંહરી લ્યો. આપ જ વિશ્વના બ્રહ્મા છો અને આપ જ જગતના હર્ષને માટે છો.'

આવી ઈન્દ્રની સ્તુતિ સાંભળી પ્રભુએ સત્વર બંને અસ્ત્રો સંહરી લીધાં. તેથી તત્કાળ સચેત થયેલા તે દેવો પ્રભુને અને ઈન્દ્રને જોઈને લજ્જા પામી ગયા. નીચું મુખ કરીને રહેલા તે દેવોને ઈન્દ્રે ઉપહાસ્યથી કહ્યું, 'અહા ! તમે તમારું ચેષ્ટિત જોઈ લીધું ? અરે, દુરાગ્રહી દેવતાઓ ! **આ સ્વામી જગતને પૂજનીય અને જગતના આધાર છે,** માટે નમીને તમે ક્ષમાની પ્રાર્થના કરો. એ સ્વામી સ્વભાવથી જ જગતના રક્ષણમાં સદા તત્પર છે. તેથી અમારું પણ રક્ષણ કરશે. તમે અપરાધ કરનારા છતાં પણ તમોને અભય કરનારા થશે.'

ઈન્દ્રના આવા વચન સાંભળી લજ્જા અને વિપનથી નમ્ર એવા તે દેવો કાયાથી આળોટતા પ્રભુને નમી, નમ્રવાણી વડે આ પ્રમાણે કહેવા લાગ્યા; હે સ્વામી ! અમે પાપીઓએ આપનું સત્ત્વ જોવા માટે આ આરંભ કર્યો હતો. અમને ધિક્કાર છે !' આ પ્રમાણે કહી ભગવંતના ચરણને મસ્તક પર લગાડી દેવતાઓ તેમને જ શરણે ગયા. પ્રભુએ તેમને સાંત્વન આપ્યું. કેમ કે **'પ્રભુ વિશ્વની સ્થિતિ કરનાર અને વિશ્વ સ્થિતિને પાળનાર છે.'**

પછી શ્રી નેમિનાથ પ્રભુ દેવોએ કરેલા તે માયાનગરમાં આવી પોતાના બંધુ રામ, કૃષ્ણ તથા અનાધૃષ્ટિને સ્નેહથી આલિંગન કરી પરમ હર્ષ પામ્યા. પછી ઈન્દ્રે કહ્યું, 'હે સ્વામી ! અમારા ઉપર અનુગ્રહ કરી શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરાવો અને અમને તારો.' આ પ્રમાણે કહી પ્રભુની અનુમતિ થવાથી તત્કાળ બનાવેલાં વિમાનો વડે સર્વ દેવતાઓની સાથે પ્રભુને લઈને ઈન્દ્ર શત્રુંજયગિરિએ આવ્યા. ત્યાં આવીને સ્વામીના આદેશથી મનને પૂર્ણ ભાવિત કરતા ઈન્દ્રે પૂર્વની જેમ પોતાનું સર્વ કર્તવ્ય કર્યું અને સ્થાવર અને જંગમ એવા પ્રભુની પૂજા કરી. પછી પ્રભુને બંધુવર્ગસહિત દ્વારિકામાં મૂકી, તેમના પિતાને સર્વ વૃત્તાંત જણાવી હર્ષ પામતા ઈન્દ્ર સ્વર્ગમાં ગયા.

### • જરાસંઘ સાથે ભીષણ યુદ્ધ :

જરાસંઘના અઠ્યાવીશ પુત્રો બલભદ્રની સાથે યુદ્ધ કરવા આવ્યા. પણ બલભદ્રના અસ્ત્રોથી સ્વલ્પ સમયમાં મૃત્યુ પામી ગયા. જરાસંઘે ક્રોધથી બલભદ્રના પુત્રોને હણીને બલભદ્રના મસ્તક પર ગદા નાખી, જેથી બલરામ મૂર્છા પામી ગયા. તેમને મારી નાખવા ઈચ્છતા જરાસંઘને જોઈ અર્જુન વચમાં આવીને તેની સામે યુદ્ધ કરવા લાગ્યો. કૃષ્ણે બલરામની તેવી અવસ્થા જાણીને કોપથી જરાસંઘના ઓગણોતેર પુત્રોને મારી નાખ્યા. તે સમયે સૂર્ય અસ્તાચલ પર જતાં પોતપોતાના સ્વામીની આજ્ઞાથી અનુક્રમે બંને સેનાઓ રણક્ષેત્રમાંથી પાછી ફરી.

જરાસંઘે શત્રુઓને યુદ્ધમાં દુર્જયમાની પોતે સિદ્ધ કરેલી જરા નામની અસુરસુંદરીને રાત્રિએ યાદવોના સૈન્યમાં મોકલી. શ્રી નેમિનાથ, કૃષ્ણ અને બલભદ્ર વિના અત્યંત જરાવસ્થાને પ્રગટ કરતી એ જરા અસુરી સર્વ સેના ઉપર વ્યાપી ગઈ. તે જરાથી આખી સેના ચેતનરહિત થઈને માત્ર કિંચિત્ ઉચ્છવાસ લેવા લાગી.

પ્રાતઃકાળે જાગ્રત થતાં જ કૃષ્ણે પોતાની સેનાની તેવી સ્થિતિ જોઈને મનમાં ગ્લાનિ પામીને નેમિકુમારને કહ્યું, 'હે બંધુ ! આ સૈન્ય શૂન્ય થયું છે. બલભદ્ર ગદાઘાતથી વિધુર થયા અને બીજાઓ પણ છતા અછતા થઈ ગયા છે. નેત્ર જેવા આપણે બે છીએ, તેથી હવે તમારી સહાયથી જ શત્રુઓનો વિનાશ થાય તેમ છે. માટે હવે, તમે રણમાં ચાલો.'

કૃષ્ણના વચન સાંભળી અવધિજ્ઞાનથી જોઈને શ્રી નેમિનાથ ભગવંત બોલ્યા, 'હે શ્રીકાંત! સાંભળો, તમારા પરાક્રમ અને તેજ વડે સંભ્રમ પામેલા આ તમારા શત્રુએ તમારા સૈન્ય ઉપર જરાને મોકલી છે, તેથી આ સર્વ સેના વિધુર થઈ ગયેલી છે. તમે એકલા પણ આ રણસંકટમાં શત્રુઓને હણશો એ સત્ય છે, પણ આ તમારું સૈન્ય આ જરા વડે પ્રાણ છોડી દેશે, માટે તેનો ઉપાય કહુ તે સાંભળો.' 'પાતાળમાં ધરણેન્દ્રના દેવાલયમાં ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથની અતિ મહિમાવાળી પ્રતિમા છે, માટે પદ્માવતી દેવીની ત્રણ દિવસ ત્રણ ઉપવાસથી

આરાધના કરીને તેની પાસે તે પ્રતિમાની યાચના કરો. એ રીતે આરાધેલી તે દેવી તમને તે પ્રતિમા આપશે. તે પ્રતિમાના સ્નાત્રજળનું સિંચન કરવાથી તમારું સર્વ સૈન્ય ક્ષણવારમાં સ્વસ્થ થશે.'

કૃષ્ણ બોલ્યા, 'હું જેટલીવાર દેવીના ધ્યાનમાં તત્પર રહું, તેટલીવાર આ સેનાનું રક્ષણ કોણ કરશે ?'

પ્રભુએ કહ્યું, 'ત્યાં સુધી શત્રુઓના સંકટમાંથી હું રક્ષા કરીશ.' તે સાંભળી હર્ષ પામેલા કૃષ્ણ વાસુદેવ ધરણેન્દ્રની આરાધનામાં તત્પર થયા અને પોતાનું મન તેના ઉજ્જવલ ધ્યાનમાં જોડી દીધું.

## • નેમિકુમાર દ્વારા અહિંસક યુદ્ધ :

અહીં યાદવોનું સૈન્ય રેઢું જોઈ પરાક્રમી જરાસંઘ ચતુરંગ સેના લઈને ચડી આવ્યો અને મેઘની જેમ બાણવૃષ્ટિ કરવા લાગ્યો. તે વખતે નેમિકુમારની આજ્ઞાથી માતલિ સારથીએ આવર્ત લેતા પવનની જેમ પ્રભુસંયુક્ત પોતાના રથને યાદવ સૈન્યની ચારે બાજુ ફેરવવા માંડ્યો. તે રથ ભમવાથી આખું વિશ્વ જાણે ચેષ્ટારહિત થઈ ગયું. પછી પ્રભુએ મહાશંખ પૂર્યો અને ભયંકર શબ્દ કરતું ઈન્દ્રધનુષ્ય ખેંચીને તેનો ટંકારવ કર્યો. તે ધનુષ્યનો શબ્દ સર્વને દુઃસહ થઈ ગયો. પછી શત્રુ તરફ અસંખ્ય બાણો શીઘ્રતાથી છોડવા માંડ્યા. તેમનો રથ ફરવા સાથે છૂટેલી બાણોની શ્રેણીને ભેદવાને અસમર્થ એવા સર્વ રાજાઓ રણમાં સાક્ષીભૂત હોય તેમ દૂર ઊભા રહ્યા. પ્રભુએ તે રાજાઓનાં કવચ, ધનુષ્ય, મુગટ, ધજા અને બાણ છેદી નાંખ્યા. પણ દયાળુ પ્રભુએ કોઈના પ્રાણ હર્યા નહીં અને અહિંસક યુદ્ધ કર્યું.

## • નેમિકુમારની ક્રીડા :

શ્રી નેમિનાથ પ્રભુ પોતાની સમાન વયના થઈને આવેલા દેવોની સાથે ચારેબાજુથી પરિવરેલા માત્ર કૃષ્ણને હર્ષ આપવા માટે ક્રીડા કરતા હતાં. જેવી જેવી નેમિનાથ પ્રભુની ઈચ્છા થતી તેવી રીતે દેવોનો સમૂહ ચેષ્ટા કરતો હતો અને પ્રભુ પણ દેવોની અભિલાષા પ્રમાણે વર્તતા હતા.

એક વખતે નેમિકુમાર લાખો રક્ષકોથી રક્ષિત કૃષ્ણના આયુધગૃહમાં આવી ચડ્યા. ત્યાં રહેલા અતિ ઉજ્જવલ શંખને જોઈને કૌતુકથી શંખ લેવાની ઈચ્છા કરી. એટલે સેવકોએ ભક્તિથી તેમને રોક્યા. ત્યારે પ્રભુએ હસતા હસતા શંખ ઉપાડી લીલાથી ફૂંકવા માંડ્યો. તે શંખના નાદથી આખી નગરી, આખી પૃથ્વી અત્યંત ખળભળી ગઈ અને બલભદ્ર, કૃષ્ણ તથા દશાર્હ વગેરે દુઃખથી દુભાણા હોય તેમ ક્ષોભ પામી ગયા. ક્ષણવાર અંતરમાં ચમત્કાર પામી કૃષ્ણે બલભદ્રને કહ્યું, 'શું આ કોઈ નવો વાસુદેવ ઉત્પન્ન થયેલ છે ?' ત્રણ લોકમાં કોઈ બીજો તેવો પુરુષ નથી કે જે બલથી મને અને તમને (બલભદ્રને) ક્ષોભ કરી શકે. તે છતાં સર્વજનને અત્યંત ક્ષોભ કરનારો આ શંખ કોણે વગાડ્યો ? તે જુઓ.

આ પ્રમાણે કહી કૃષ્ણ તત્કાલ સિંહાસન ઉપરથી ઊભા થયા અને ચતુરંગ સેનાને તૈયાર કરીને ત્યાંથી આગળ ચાલવા જતા હતા, તેવામાં અસ્ત્રગૃહના અધિકારીએ આવી નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરી, 'દેવ ! તમારા બંધુ અરિષ્ટનેમિને અમોએ નીતિવચનોથી વાર્યા તો પણ કૌતુકથી તમારો શંખ હાથમાં લઈ ફૂંક્યો છે.'

પોતાના બંધુનું પરાક્રમ સાંભળી કૃષ્ણ અંતરમાં ચમત્કાર પામ્યા. અહીં ભગવાન નેમિનાથે પણ પોતાનું કિંચિત્ વીર્ય બતાવીને શંખ છોડી દીધો એટલે જગત્ પણ પાછુ પોતાની મૂળ પ્રકૃતિમાં સ્થિર થયું. ત્યારપછી નેમિનાથ પ્રભુ ભ્રષ્ટ થયેલી દુકાનોની શ્રેણી અને મણીમય દીવાલો તેમજ ત્રાસ પામેલા ઘોડા અને ગજેન્દ્રોના ટોળાને જોતા જોતા વેગથી કૃષ્ણની સભામાં આવ્યા.

નેમિનાથને ત્યાં આવેલા જોઈ કૃષ્ણ તત્કાલ લજ્જાથી નમ્ર થઈ ગયા અને બીજાઓ પણ મૌન થઈ ગયા. તે વખતે કૃષ્ણ ક્ષણવારમાં સંભ્રમથી નેમિકુમારને બોલાવી પ્રભુને કહેવા લાગ્યા, 'હે ભાઈ ! તમને સંભાર્યા તેવા જ તમે આવ્યા છો. હે ભ્રાતા ! શસ્ત્રગૃહમાં રહેલા પંચજન્ય શંખને તમે કાંઈપણ કારણ વિના શા માટે ફૂંક્યો ? નેમિનાથ પ્રભુએ ચિત્તમાં ક્ષોભ પામ્યા વગર સહજ ક્રીડાથી શંખ ફૂંક્યો હતો !' એવો પ્રત્યુત્તર આપ્યો. પ્રભુનું તેવું બળ અને ધીરતા જોઈ જાણે આશંકા પામ્યા હોય, તેમ કૃષ્ણ બલભદ્રના મુખ સામું જોઈ નેમિકુમાર પ્રત્યે બોલ્યા. આ બલભદ્ર મારા બળથી જેમ સર્વ રાજાઓને તૃણ સમાન જાણે છે, તેમ હું તમારા બળથી વિશ્વને તૃણસમાન જાણું છું. હે બંધુ ! તમારા આવા બળથી મને સમૃદ્ધિ તથા હર્ષ થયો છે. તો પણ પ્રસન્નતા માટે મને આપની ભુજાનું બળ બતાવો.' પ્રભુએ ઉચિત કાર્ય જાણી, તે અંગીકાર કર્યું.

## • નેમિકુમાર અને કૃષ્ણના બળની સરખામણી :

પછી તે બંને ભાઈ સિંહાસનથી ઉઠી બીજા બંધુઓની સાથે જનસમૂહ વડે જોવાતા આયુધશાળા તરફ ચાલ્યા. બીજાઓનો નાશ કરવામાં શક્તિને નહીં વાપરનારા કૃપાળુ નેમિનાથ પ્રભુ વિચાર કરવા લાગ્યા કે, 'અહા ! આ મારા બંધુ કૃષ્ણ મારા પ્રત્યે શંકા કરે છે. હું કૃષ્ણને મન, વચન અને કાયાની શુદ્ધતાથી કહું છું કે, 'મારે જગતનાં આધિપત્યની સ્પૃહા નથી. તો પણ કૃષ્ણ તે માનતા નથી. ભુજા, છાતી, કરતલ અને ચરણથી હું તેને મારીશ, તો તેનું શું થશે ? તેથી જે રીતે મારાથી એને કાંઈ અનર્થ પ્રાપ્ત ન થાય અને તે અંશથી પણ મારું બળ જાણી લે, તેમ જ તેના માનની પણ સિદ્ધિ થાય, તેવી રીતે મારે આ કાર્ય કરવાનું છે.'

આ પ્રમાણે મનમાં વિચારી પ્રભુએ કૃષ્ણને કહ્યું, 'હે બંધુ ! ચરણના પ્રહારથી અને પૃથ્વી પર પડવાથી રજસમૂહને ઉડાડવા વડે થતું પામર જનને હર્ષ આપનારું યુદ્ધ તે ઉત્તમ વીર પુરુષને યુક્ત નથી. વળી શત્રુઓ ઉપર યોજવા યોગ્ય આ દિવ્ય અને લોહમય શસ્ત્રોથી પણ આપણે યુદ્ધ કરવું સારું નથી. કારણ કે, તે યુદ્ધ તો વિશેષ ખેદ કરનાર છે. માટે આપણે પરસ્પર ભુજાને નમાડીને જ જય-પરાજયની કલ્પના કરીએ, જેથી ક્રીડામાત્રમાં આપણને માનની સિદ્ધિ થશે અને લજ્જાકારી દેહપીડા નહીં થાય.'

તે વાત કબૂલ કરીને પર્વત જેવા બળવાળા કૃષ્ણ ઊંચો હાથ કરીને ઊભા રહ્યા. એટલે કૃષ્ણના બાહુનાલને નેમિનાથ પ્રભુએ પોતાની વામ ભુજા વડે કમલનાલની જેમ નમાવી દીધો. પછી પ્રભુએ જરા હાસ્ય કરી પોતાની વામ ભુજા ઊંચી કરી. કૃષ્ણે સર્વ બળથી નેમિનાથ પ્રભુના તે પ્રબલ હાથને નમાવવા માંડ્યો. પરંતુ તે અત્યંત મજબૂત હાથ કિંચિત્ પણ નમ્યો નહીં. પછી વડનું વૃક્ષ વડવાઈથી શાખાને વીંટાઈ વળે તેમ કૃષ્ણ નેમિનાથ પ્રભુની તે ભુજાને બે હાથ વડે વીંટાઈ વળ્યા. તો પણ નેમિનાથ પ્રભુની તે મહાભુજા નમી નહીં. એટલે કૃષ્ણ તેની ઉપર ચરણ સંકોચીને લટકી રહ્યા. પછી નિર્મળ હાસ્યથી પોતાનું વિલખાપણું ઢાંકી દેતા કૃષ્ણે નેમિનાથ પ્રભુની ભુજાને છોડી દીધી.

નેમિકુમાર ભવિષ્યમાં રાજ્યમાં ભાગ પડાવશે તેવી શંકા જ્યારે કૃષ્ણને થવા લાગી ત્યારે ઈન્દ્ર કહે છે - 'અમારા જેવા ઈન્દ્રો પણ જેમની આગળ કિંકર જેવા છે, તેવા આ વિશ્વપતિ પ્રભુ તુચ્છ અને ક્ષણભંગુર એવા રાજ્યની શા માટે ઈચ્છા કરે ? વળી તમે સાંભળો ! આદિનાથ પ્રભુએ કહેલું છે કે, 'બાવીશમાં તીર્થંકર યાદવગોત્રમાં ઉત્પન્ન થશે, તેઓ જન્મથી જ વિકારમુક્ત રહી કુમારપણામાં જ દીક્ષિત બની સિદ્ધિ પામશે.'

ઈન્દ્રના વચન સાંભળી સંશય રહિત થયેલા કૃષ્ણે પોતાનો અપરાધ ખમાવી શ્રી નેમિનાથ પ્રભુને આલિંગન કર્યું. પછી ઈન્દ્રને વિદાય કરી નેમિનાથને લઈને કૃષ્ણ પોતાના અંતઃપુરમાં ગયા. ત્યાં દ્વારપાલોને આજ્ઞા કરી કે, 'આ મારા બંધુ નેમિનાથને અંતઃપુરમાં પ્રવેશ કરતાં કોઈ દિવસ રોકશો નહીં, તે સત્યભામા વગેરે પોતાની ભોજાઈઓની સાથે ભલે ક્રીડા કરે.' પછી કૃષ્ણ પોતાની સ્ત્રીઓની સાથે ખેલવા લાગ્યા. તેમની સાથે નેમિનાથ પ્રભુ પણ નિર્વિકારપણે રમવા લાગ્યા.

## • નેમિકુમારને વિવાહ કરવા વિનંતી :

એક વખત ગ્રીષ્મઋતુમાં સૂર્ય અત્યંત તપતો હતો. તે સમયે જળક્રીડાની ઈચ્છાએ કૃષ્ણ નેમિનાથને સાથે લઈને અનેક યુવતીઓની સાથે ગિરનાર ઉપર ગયા. ત્યાં એક સરોવરમાં કૃષ્ણની પ્રેરણાથી રૂક્મિણી આદિ પ્રવેશ્યા. વિવિધ ક્રીડાથી ક્રીડારસ અત્યંત વિસ્તાર પામતાં કૃષ્ણ પોતાની સ્ત્રીઓને નેમિનાથ પ્રભુની સાથે ક્રીડા અને ઉપહાસ્ય કરાવવા માટે પ્રેરણા કરવા લાગ્યા. તેથી તે મૃગાક્ષીઓ જળથી અને કટાક્ષથી નેમિનાથને આચ્છોટન કરવા લાગી. નેમિનાથ પ્રભુ પણ નિર્વિકારપણે માત્ર તે સ્ત્રીઓ જે પ્રમાણે કરે તે પ્રમાણે સામું કરતાં તેમની સાથે રમવા લાગ્યા. નેમિનાથ પ્રભુને આ પ્રમાણે ખેલતા જોઈ કૃષ્ણ બહુ જ ખુશ થયા. આ રીતે ચિરકાલ ક્રીડા કરીને કૃષ્ણ સરોવરને કાંઠે આવીને બેઠા. નેમિનાથ પ્રભુ પણ તેમની પાસે આસન પર બેઠા.

તે સમયે રૂક્મિણીએ હાસ્યપૂર્વક કહ્યું, 'હે દિયરજી ! ભાર્યા વગર વાંઢાની જેમ એકલા રહીને આ જન્મ વૃથા કેમ ગુમાવો છો ? સોલ હજાર સ્ત્રીઓના ભોક્તા એવા કૃષ્ણના પ્રિય બંધુ છતાં એક સ્ત્રીને પણ પરણતા નથી તો તમને લજ્જા કેમ આવતી નથી ?'

પછી જાંબવતી બોલી, 'હે સખી ! મને તો આપણા દિયર નપુંસક હોય એમ જણાય છે અથવા ઘરના ખર્ચથી ઉદ્વેગ પામતા જણાય છે. તેથી સ્ત્રીને સ્વીકારતા નથી. આજ સુધી થયેલા બધા તીર્થંકરો ગૃહસ્થાશ્રમી થઈ રાજ્ય ભોગવીને પછી દીક્ષા લઈ નિવૃત્તિ પામ્યા છે. પણ આ તો કોઈ નવીન તીર્થંકર થયા જણાય છે.'

પછી સત્યભામાએ પણ આગ્રહથી કહ્યું, ત્યારે નેમિનાથ પ્રભુ વિચાર કરવા લાગ્યા કે, 'આ બધા અજ્ઞાની છે માટે તેમની સાથે વિશેષ વાત કરવી યોગ્ય નથી. તેથી તે મૂંગા રહ્યા એટલે મૌનને જ સંમતિ ગણીને સૌએ એવું માની લીધું કે નેમિકુમાર લગ્ન માટે તૈયાર છે, સૌ ઉત્સાહમાં આવી ગયા.'

નેમિકુમારના વર્તનથી હર્ષ પામેલા કૃષ્ણ નેમિનાથને હાથી પર બેસાડી પ્રિયાઓ સહિત દ્વારિકામાં આવ્યા. અને નેમિનાથે પરણવાનું કબૂલ કર્યું છે એમ રાજા સમુદ્રવિજય અને શિવાદેવીને કૃષ્ણે જણાવ્યું. સત્યભામાએ લાવણ્ય સંપત્તિવાળી રાજીમતી નામે પોતાની બહેન નેમિનાથને યોગ્ય છે' એમ કહ્યું. તેથી કૃષ્ણ તત્કાળ જાતે ઉઠીને ઉગ્રસેન રાજાનાં ઘેર ગયા. કૃષ્ણને જોઈ ઉગ્રસેન રાજા ઊભા થયા અને આગમનનું કારણ પૂછ્યું.

કૃષ્ણ બોલ્યા, 'તમારી પુત્રી રાજીમતી મારાથી અધિક ગુણવાન મારા બંધુ નેમિનાથની વધૂ થાઓ. એવી મારી પ્રાર્થના છે.' ઉગ્રસેને આનંદ પામીને કહ્યું કે, 'આ ગૃહ અને આ લક્ષ્મી સર્વ તમારાં જ છે. તો તેમાં પ્રાર્થના શી કરવાની છે.'

પછી ત્યાંથી ઊઠીને કૃષ્ણે સમુદ્રવિજય પાસે આવી તે વાતનું નિવેદન કરી અને લગ્નદિવસ નિશ્ચિત કરવા માટે ક્રોષ્ટુકિ નિમિત્તયાને તત્કાળ બોલાવ્યો. કૃષ્ણે નેમિનાથનો વિવાહ કરવા યોગ્ય લગ્નદિવસ પૂછ્યો એટલે ક્રોષ્ટુકિ બોલ્યો કે, 'શ્રાવણ માસની શુક્લ ષષ્ઠીએ વધૂવરની પ્રેમવૃદ્ધિ થાય તેવું લગ્ન છે.' કૃષ્ણે ક્રોષ્ટુકિનો સત્કાર કરી ભક્તિપૂર્વક વિસર્જન કર્યો અને તે સમાચાર ઉગ્રસેનને મોકલ્યા પછી બંને જણ વિવાહની તૈયારી કરવા લાગ્યા.

## • શ્રી નેમિનાથ પ્રભુનો રાજીમતી સાથે લગ્ન ઉત્સવ :

વિવાહનો દિવસ નજીક આવતાં કૃષ્ણે આખી દ્વારિકાનગરીમાં દુકાને દુકાને અને દ્વારે-દ્વારે તોરણ બંધાવ્યા. લોકોએ રત્નમય માંચાઓને શોભાવી, તેની વચ્ચમાં સુગંધી ધૂપની ઘટાઓ મૂકી. પછી દશે દશાર્હો, બલરામ, કૃષ્ણ શિવાદેવી, રોહિણી, દેવકી, રેવતી અને સત્યભામાં પ્રમુખ સ્ત્રીઓ - સર્વેએ મળીને નેમિનાથ પ્રભુને પૂર્વાભિમુખ આસન પર બેસાડ્યા. કૃષ્ણ તથા રામે પ્રીતિથી સ્નાન કરાવ્યું. સ્નાન કરાવ્યા પછી નેમિનાથ પ્રભુને સિંહાસન પર બેસાડી કૃષ્ણે વિવાહ યોગ્ય વસ્ત્રાદિ તથા ધનુષ્ય ધારણ કરાવ્યા. પછી કૃષ્ણ ઉગ્રસેનના મંદિરે ગયા. ત્યાં રાજીમતી બાળાને આદરથી કસુંબી વસ્ત્રો પહેરાવ્યા.

પ્રાતઃકાળે શરીર પર ગોશીર્ષચંદન લગાવી શ્વેત ફુલમાળા, હાર અને વસ્ત્રો ધરી, ચામર તથા છત્રથી મંડિત થઈ અને આગળ ચાલતા ક્રોડો રાજકુમારો અને દેવતાઓથી પરિવરેલા શ્રી નેમનાથ પ્રભુ શ્વેત અશ્વોવાળા ઉત્તમ રથ ઉપર આરુઢ થયા. શ્રી નેમિનાથ પ્રભુની પડખે હાથી ઉપર બેઠેલા રાજાઓ અને પાછળ દશાર્હો, કૃષ્ણ અને બળદેવ હતા. તેમની પાછળ આભૂષણોની કાંતિથી આકાશને પ્રકાશિત કરતી અંતઃપુરની સર્વ સ્ત્રીઓ શિબિકામાં બેસીને ચાલી, તે વખતે ધવલમંગલ ગવાતા હતા, નર્તકીજન નાચતા હતા, બંદીજનો સ્તુતિ કરતા હતા, અનેક પ્રકારના વાજિંત્રો વાગતા હતા. ભવનાટકનું ચિંતવન કરતા નેમિકુમાર પોતાના ઘેરથી રાજમાર્ગે થઈને અનુક્રમે ઉગ્રસેનના ભવન પાસે આવ્યા.

રાજીમતી સખીઓની સાથે ગોખમાં આવીને બેઠી. રાજીમતીને સખીએ કહ્યું, 'હે સખી ! આ જો નેમિનાથ આવે છે. લોકોત્તર નેમિનાથને પોતાની દૃષ્ટિ વડે જોઈ રાજીમતી વિચારવા લાગી કે, 'આ નેમિ જ મારા પતિ થાય છે તે મારું મોટું સદ્ભાગ્ય! પરંતુ તે વખતે જ દક્ષિણ અંગ ફરકવાથી ભાવી અશુભને ચિંતવતી રાજીમતી બોલી, 'સખી ! અત્યારે મને અપશકુન થાય છે, તેથી આ નેમિનાથ જેવા પતિ મને પ્રાપ્ત થવા અતિ દુર્લભ છે.' સખી બોલી, 'બહેન ! તારું અશુભ હણાઈ જાવ અને શાંત થાવ. જો, આ નેમિનાથ પ્રત્યક્ષ આવ્યા. હવે સંદેહ શો કરે છે ?'

આ પ્રમાણે રાજીમતી અને સખીઓ પરસ્પર વાત કરે છે. તેવામાં નેમિનાથ પ્રભુનો રથ ઉગ્રસેનનાં મંદિર પાસે આવ્યો. તે અવસરે નિર્વિકાર પ્રભુએ પ્રાણીઓનો કરુણ સ્વર સાંભળ્યો. વિવિધ જાતિના પશુઓ ઊંચાં મુખ કરીને પોતપોતાની ભાષામાં નેમિનાથ પ્રભુ પ્રત્યે જાણે કહેવા લાગ્યા કે, **'ત્રણ જગતનું રક્ષણ કરનાર હે સ્વામી! અમારી રક્ષા કરો, રક્ષા કરો.'** પ્રભુ સર્વ જાણતા હતા. તો પણ તેમણે સારથીને પૂછ્યું કે, 'આ પશુઓનો સમૂહ કેમ એકઠો કર્યો છે ? અને તે શા માટે કરુણ સ્વરે રડે છે ?'

સારથીએ નમન કરીને કહ્યું, 'સ્વામી ! યાદવો આ પ્રાણીઓને વિવાહમાં ભોજનને માટે લાવેલા છે, તેના કહેવાથી દયાળુ પ્રભુ અંતરમાં અત્યંત દુભાણા અને ચિંતવવા લાગ્યા કે, 'અહો ! આ લોકોએ આવું અકૃત્ય આરંભ્યું છે ? **કેવળ આપાત માત્ર સુખને માટે આવું કાર્ય કોણ કરે ? ક્ષણવાર પ્રકાશ મેળવવાને માટે અગ્નિથી પોતાનું ઘર કોણ બાળી નાંખે ?** માટે પાપકારી અને મુક્તિગૃહમાં જતાં ભૂંગળરૂપ આ બંધુવર્ગના સ્નેહનું અને ઈન્દ્રિયોના વિષયનું મારે કાંઈપણ પ્રયોજન નથી.' આવું ચિંતવી પ્રભુએ સારથીને કહ્યું, 'રથને પાછો વાળ, હું માનવી સ્ત્રીને છોડી, અત્યંત સુખ આપનારી મુક્તિ સ્ત્રીને જ પરણીશ.'

## • નેમિપ્રભુનો રથ પાછો વળે છે :

રથને પાછો વાળતા નેમિનાથ પ્રભુને જોઈ સમુદ્રવિજયે મનમાં ઉદ્વેગ લાવીને પોતાનો હાથી વચમાં નાખ્યો અને કહ્યું, 'હે વત્સ ! આવા ઉત્સવમય સમયમાં બંધુવર્ગને મહાદુઃખદાયી એવું તેં આ શું આરંભ્યું ?' બીજી તરફથી શિવાદેવી પણ આંખમાં આંસુ સહિત બોલ્યા. 'હે વત્સ ! મારા મનોરથને તું ન ભાંગ.' સમુદ્રવિજય અને શિવાદેવી નેમિનાથ પ્રભુના રથની આડા ફર્યા. બીજા સર્વ ભાઈઓ અને માતાઓ પણ પ્રભુના રથને વીંટાઈ વળ્યા. તેઓથી વીંટાએલા પ્રભુ પોતાના આત્માને મુક્તિમાર્ગમાં એક અંતરાય ઉત્પન્ન થયેલો માનવા લાગ્યા.

તે અવસરે શિવાદેવી અને સમુદ્રવિજયે કહ્યું, 'હે વત્સ ! તમે આ શું કરવા માંડ્યું? પોતે અંગીકાર કરેલા કાર્યને છોડી દેવાથી અમને કલંક બેસે છે. હે પ્રભુ ! તમે બાલ્યવયથી અમારા સર્વ મનોરથો પૂર્યા છે, તો હવે પરણવાથી તે મનોરથની શિખાને તમે પૂર્ણ કરો.'

પ્રભુનો ભાવ નહીં જાણતાં કૃષ્ણ બોલ્યા, 'હે બંધુ ! આવા પવિત્ર ઉત્સવમાં તમને વૈરાગ્ય થવાનું શું કારણ છે ? વાત્સલ્યવાળા તમારા માતા-પિતા અને અમે તમારું કલ્યાણ કરવામાં પ્રવીણ છીએ. વળી રાજીમતી પણ તમારા ઉપર અત્યંત રાગિણી છે, તે છતાં તમને આવો ખેદ કેમ થાય છે ?'

પ્રભુ બોલ્યા, **'ક્યારે પણ મને માતા-પિતા કે બંધુઓ પ્રત્યે અરતિ નથી, પરંતુ આ સંસારરૂપ અરણ્યમાં રહેલા વિષયોરૂપ શત્રુઓથી હું ભય પામું છું. એ વિષયો અનાદિકાળથી આ સંસારમાં ભોગવ્યા છતાં વારંવાર નવા નવા લાગે છે અને તેમાં અતૃપ્ત રહેનારા મૂઢમતિ પ્રાણી વારંવાર ભવમાં ભમ્યા કરે છે. જો તમે મારા પર વાત્સલ્ય ધારણ કરીને ખરેખરું મારું હિત ઈચ્છતા હો તો સંસારથી કાયર એવા મને દીક્ષા લેવાની સંમતિ આપો.'**

પ્રભુની આવી સહેતુક વાણી સાંભળી તેઓ કાંઈપણ બોલી શક્યા નહીં. નીચી ગ્રીવા કરીને ઊભા રહ્યા. તે સમયે સારસ્વત વગેરે નવ લોકાંતિક દેવો આવી પ્રભુને નમીને કહેવા લાગ્યા કે, 'હે દયાળુ સ્વામી ! હે ભગવન્ ! તીર્થ પ્રવર્તાવો.' તેથી તત્કાલ રથ છોડી દઈને પ્રભુ ઈન્દ્રની આજ્ઞાથી દેવતાઓએ લાવેલા દ્રવ્ય વડે સંવત્સરી દાન આપવા ઘર તરફ ચાલ્યા.

## • શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષા :

પ્રભુએ એક વર્ષ સુધી યાચકોને યથાર્થ દાન આપ્યું પછી અવધિજ્ઞાનથી દીક્ષાનો અવસર જાણી દેવલોકમાંથી ઈન્દ્રોએ હર્ષથી ત્યાં આવી, જન્માભિષેકની જેમ પ્રભુનો દીક્ષાભિષેક કર્યો. પછી સુરાસુરોએ રચેલી ઉત્તરકુરુ નામની શિબિકામાં પ્રભુ આરુઢ થયા અને રૈવતગિરિના સહસ્રામ્ર નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં શિબિકામાંથી ઊતરીને પ્રભુએ આભૂષણાદિક ત્યજી દીધાં. જન્મદિવસથી ત્રણસો વર્ષ ગયા પછી શ્રાવણ માસની શુક્લ ષષ્ઠીએ, દિવસના પ્રથમ પ્રહરે, છઠ્ઠ તપ કરી, પંચમુષ્ટિ લોચ આચરી, પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા. લોચ કરેલા પ્રભુના કેશ ઈન્દ્રે ક્ષીરસાગરમાં નંખાવ્યા અને પ્રભુના ખભા ઉપર એક દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું. પછી ઈન્દ્રે કોલાહલ શાંત કર્યો એટલે પ્રભુએ સામાયિક ઉચ્ચર્યું. ત્યારે તત્કાળ મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન પ્રભુને પ્રાપ્ત થયું. તેમની સાથે બીજા એક હજાર રાજાઓએ સંયમ સ્વીકાર્યું પછી ઈન્દ્ર અને કૃષ્ણ પ્રમુખ રાજાઓ પ્રભુને નમન કરી પોતપોતાનાં સ્થાનકે ગયા.

## • નેમિનાથ પ્રભુને કેવળજ્ઞાન :

બીજે દિવસે નજીકના ગોષ્ઠની અંદર વરદત્ત બ્રાહ્મણના ઘેર પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ પાંચ દિવ્ય પ્રગટ કર્યા. પ્રભુએ કર્મનો ક્ષય કરવા માટે ત્યાંથી બીજે વિહાર કર્યો. વ્રત લીધા પછી ચોપ્પન દિવસ સાધનાકાળના ગયા ત્યારે પ્રભુ પાછા સહસાવનમાં પધાર્યા. ત્યાં વેતસના ઝાડ નીચે ધ્યાનમાં રહેલા પ્રભુને ભાદરવા માસની અમાવસ્યાએ (મારવાડી આશ્વિન માસની અમાવસ્યાએ) ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં ઘાતીકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાળ ઈન્દ્રો આસન ચલિત થવાથી હર્ષ વડે ત્યાં આવ્યા. તેઓએ સમવસરણ રચ્યું. પ્રભુ તેમાં બિરાજ્યા. ઉદ્યાનપતિએ દ્વારિકામાં આવીને કૃષ્ણને પ્રણામ કરી વધામણી આપી કે, 'શ્રી નેમિનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેને ઉચિત દાન આપી દશે દશાર્હો, માતા, બંધુ, રાજીમતી અને પુત્રોની સાથે કૃષ્ણ ઉત્સવ સહિત ગિરનાર ઉપર આવ્યા. ત્યાં દેવોએ રચેલા સમવસરણમાં પ્રભુને પ્રદક્ષિણા કરી, નમી, સ્તુતિ કરી ઈન્દ્રની પાછળ યોગ્ય આસને બેઠા. બીજાઓ પણ યથાયોગ્ય સ્થાને બેઠા.'

## • સહસાવનમાં પ્રભુની પ્રથમ દેશના :

**'જગતમાં ધર્મ, કારણ વગરનો બંધુ, જગદ્વત્સલ, પીડાનો નાશ કરનાર અને ક્ષેમંકર છે. તે ધર્મરૂપી વૃક્ષની મુખ્ય ચાર શાખા છે. તેમાં સત્પાત્રને દાન આપવું તે પ્રથમ શાખા છે, અખંડ શીલ પાળવું તે બીજી શાખા છે. સમસ્ત પ્રકારના વિઘ્નભયને નાશ કરનાર તપ કરવો તે ત્રીજી શાખા છે અને સંસારનો નાશ કરનારી શુભ ભાવના ભાવવી તે ચોથી શાખા છે. સિદ્ધાચલ અને રૈવતાચળ વગેરે તીર્થોની સેવા, દેવની પૂજા, સદ્ગુરુનું સેવન અને પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ એ ધર્મરૂપ વૃક્ષના પુષ્પાંકુર છે અને તેનું ફળ મુક્તિ છે. માટે શુભયોગરૂપ શ્રેણી ઉપર ચડી ઉત્કૃષ્ટ સમતાને અંતરમાં રાખી, ઉદાર સત્ત્વથી તે મુક્તિરૂપ ફળને ગ્રહણ કરી લેવું.'**

આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુની વાણી સાંભળીને સર્વે પ્રાણીઓ પરમ તૃપ્તિ પામ્યા. તે સમયે વરદત્ત રાજાએ વૈરાગ્ય પામી બે હજાર સેવકોની સાથે વ્રત લીધું અને પરમાત્માનાં દશ ગણધરોમાં પ્રથમ ગણધર થયા. યક્ષિણી નામે રાજાની પુત્રી બીજી સ્ત્રીઓની સાથે પ્રવર્તિની થઈ. દશાર્હ, ભોજ, કૃષ્ણ અને બલભદ્ર પ્રમુખ શ્રાવકો થયા અને સ્ત્રીઓ શ્રાવિકા થઈ. એવી રીતે શ્રી નેમિનાથ પ્રભુનો ચતુર્વિધ સંઘ સ્થપાયો. પછી પ્રભુના મુખથી અંબિકાનું ચરિત્ર જાણી ભક્તિવાળા ઈન્દ્રે તે અંબિકાને શ્રી નેમિનનાથ પ્રભુની શાસનદેવી તરીકે સ્થાપી અને ગોમેધ દેવની નેમિપ્રભુના શાસનદેવ તરીકે સ્થાપના કરી પછી પ્રભુ આર્ય અનાર્યભૂમિમાં વિચરણ કરી જનપ્રતિબોધ કરવા લાગ્યા.

## • શ્રી નેમિનાથ પ્રભુનું નિર્વાણ :

આ પ્રમાણે આર્ય, અનાર્યદેશોમાં વિહાર કરતા શ્રી નેમિનાથ પ્રભુનો ચોવીસ હજારને સાતસો સાધુઓ, ચાલીસ હજાર સાધ્વીઓ, એક લાખ, ઓગણસિત્તેર હજાર શ્રાવકો અને ત્રણ લાખને ઓગણચાલીશ હજાર શ્રાવિકાઓ, આટલો પરિવાર હતાં. પોતાનો નિર્વાણસમય નજીક જાણી શ્રી નેમિનાથ પ્રભુ રૈવતાચલ તીર્થ ઉપર આવ્યા. ત્યાં પ્રભુએ અંતિમ દેશના આપી, જેથી કેટલાયે ભવ્યજીવોએ પ્રતિબોધ પામી દીક્ષા સ્વીકારી. ત્યારબાદ પ્રભુએ પાદપોગમન અનશન અંગીકાર કર્યું અને અષાઢ માસની શુક્લ અષ્ટમીએ ચિત્રા નક્ષત્રમાં શૈલેશી ધ્યાન વડે પ્રભુ પાંચસોને છત્રીસ સાધુઓની સાથે મોક્ષે ગયા. એ સમયે આસન ચલિત થવાથી સર્વે ઈન્દ્રો શોક કરતા ત્યાં આવ્યા. પછી ઈન્દ્રોએ મળીને નિર્વાણ મહોત્સવ કર્યો. કલ્પવૃક્ષનાં કાષ્ઠોથી શ્રી અરિષ્ટનેમિ પ્રભુનાં અને બીજા મુનિઓનાં દેહનો અગ્નિસંસ્કાર કર્યો અને ત્યાંથી ઈન્દ્રો નંદીશ્વર દ્વીપમાં જઈ અઠ્ઠાઈ ઉત્સવ કરીને પોતપોતાના સ્થાનકે ગયા.

## યાવત્ પ્રભુવીરથી અખંડધારાએ પ્રવર્તમાન
## નિર્ગ્રન્થ-કોટિ-ચાન્દ્ર-વનવાસી-વડ તપાગચ્છીય તિથિ આરાધનાનું 'કાળ' દર્શક

# શ્રી ગિરનાર જૈન પંચાંગ

* દિવ્યકૃપા *

સહસાવન (ગિરનાર) તીર્થોદ્ધારક તપસ્વી સમ્રાટ પ.પૂ.આ. **હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
ન્યાયવિશારદ, ઉગ્રતપસ્વી પ.પૂ.આ. **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
યુગપ્રધાન આચાર્યસમ, શાસનપ્રભાવક ગુરુદેવશ્રી પ.પૂ.પંન્યાસ **ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય**

* શુભાશિષ *

સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ. **જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
પ્રેરણાદાતા : પ.પૂ.આ. **ધર્મરક્ષિતસૂરિ મહારાજ સાહેબ**
સંકલન : પ.પૂ.આ. **હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**

### * પ્રવર સમિતિ નિર્ણય *

સં. ૨૦૭૨ના સિદ્ધગિરિની છત્રછાયામાં થયેલ સમ્મેલનના અનુસંધાને ૨૦૭૩માં અમદાવાદ લાવણ્ય સોસાયટીમાં થયેલ તપાગચ્છીય પ્રવરસમિતિની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ આપણી પ્રાચીન પ્રણાલી મુજબ નીચે પ્રમાણે સહુએ પાલન કરવું.

૧) પ્રત્યેક મહિનાની ૧૨ પર્વતિથિ અખંડ રાખવી.
૨) પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણના અંતે સંતિકરં સૂત્ર બોલવું.
૩) ગુરુભગવંતોનું નવાંગી ગુરૂપૂજન ન કરવું.
૪) ચાતુર્માસ દરમ્યાન શત્રુંજય ગિરિરાજની યાત્રા ન કરવી.
૫) પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે જન્મ-મરણના સૂતકની મર્યાદા પૂરેપૂરી પાળવી.

## • પ્રભાતના પચ્ચક્ખાણ •

### ❖ નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં ❖

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ (વોસિરામિ)

### ❖ પોરિસિ-સાઢ્ઢપોરિસિ-પુરિમઢ્ઢ-અવઢ્ઢ ❖

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં, અવઢ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ (વોસિરામિ)

### ❖ આયંબિલ-નીવિ-એકાસણું-બિયાસણું ❖

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં, અવઢ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઈઓ-વિગઈઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), તિવિહંપિ, ચઉવિહંપિ-આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ).

**સૂચના :** જો બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'બિયાસણં' અને એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'એગાસણં' પાઠ બોલવો. આયંબિલ, નીવિ, એકાસણું, બિયાસણું કર્યા પછી ઊઠતાં તિવિહારનું પચ્ચક્ખાણ કરવું. સાંજે પાણહારનું પચ્ચક્ખાણ કરવું.

### ❖ દેશાવગાશિક / અભિગ્રહ ❖

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, (ધારણા અભિગ્ગહં) પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

### ❖ ચઉવિહાર ઉપવાસ ❖

સૂરેઉગ્ગએ અબ્ભતઢ્ઢં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

### ❖ તિવિહાર ઉપવાસ ❖

સૂરેઉગ્ગએ અબ્ભતઢ્ઢં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં પાણહાર, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં અવઢ્ઢં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ). ( બે ઉપવાસ માટે છઢ્ઢભત્તં, ત્રણ માટે અઢ્ઢમભત્તં, ચાર માટે દસમભત્તં, પાંચ માટે દુવાલસભત્તં આ રીતે પાઠ બોલવો.) (એકથી વધુ ઉપવાસવાળાએ બીજા દિવસથી 'પાણહાર' નું પચ્ચક્ખાણ લેવા પાણહાર... વોસિરઈ સુધીનો પાઠ બોલવો.)

## • સાંજના પચ્ચક્ખાણ •

**પાણહાર :** પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ). **ચઉવિહાર, તિવિહાર, દુવિહાર :** દિવસચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, તિવિહંપિ આહારં, દુવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

### દિવસનાં ચોઘડિયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

### રાત્રિનાં ચોઘડિયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |


પંચાંગ પ્રકાશક :- જૈનાચાર્ય હિમાંશુસૂરિ પ્રેરિત
સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ જૂનાગઢ સંચાલિત
**ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o. ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા, ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨૦૦૧
Tel. : 0285-2657099/199, M. : 9409685999
E-mail : girnarbhakti@gmail.com, g.tirthvikash@gmail.com
Website : www.girnardarshan.com



જૈનાચાર્ય **હિમાંશુસૂરિ** પ્રેરિત
**સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ-જૂનાગઢ** સંચાલિત

## ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા (સિદ્ધિ-કૈલાસ યાત્રિક ભવન)

**અનંતા તીર્થંકરોના દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષ કલ્યાણકથી પાવન થયેલ ગિરનાર ગિરિવરની યાત્રા કરવા આવતા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક યાત્રિકોની સુવિધા માટે**
**નિર્માણ પામેલ આ ધર્મશાળાની સુવિધા તથા વિશેષતા :**

- ૧૦૦૦ થી અધિક યાત્રિકોનો સમાવેશ થઈ શકે તેવી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની ધર્મશાળા (બે લીફ્ટ).
- બે વિશાળ આરાધના ખંડ તથા બે બેઝમેન્ટ હોલ.
- નરકયાત્રા તથા નેમિનાથ પંચકલ્યાણક દર્શાવતું 3D ઓડીટોરીયમ.
- ડીલક્ષ રૂમની સગવડતા.
- ભરતચક્રી ભોજનાલયમાં સ્વાદિષ્ટ નવકારશી તથા સવારે ૧૧.૩૦ થી ૨.૩૦ ક.
- બપોરે ૪.૦૦ ક. થી સૂર્યાસ્તના પૂર્વે પોણા કલાક સુધી ભોજનની સગવડ.
- બેઝમેન્ટમાં સંઘ માટે સ્વતંત્ર રસોડા કરવાની વ્યવસ્થા.




**આપણા કરેલા પાપોના પરિણામ કેવા આવે છે તે આપ જાણો છો ?**
**શું આપે ક્યારેય નરકની વેદનાની કલ્પના કરી છે ?**
**શું આપ નરકની ભયંકર વેદનાની એક ઝલકને જોવા ઈચ્છો છો ?**
**3D શોનો સમય : લગભગ સૂર્યાસ્ત બાદ.**
જો આપ ગ્રુપમાં આવ્યા હોય અને આપના અનુકૂળ સમયે શો રાખવા ઈચ્છતા હો તો સંપર્કસૂત્ર ઉપર અન્ય કોઈપણ સમય નક્કી કરી શકો છો.

**તો... આજે જ ચાલો !**

**હૈયાને હચમચાવી દેનારી આ 3D નરકયાત્રા જોવા આજે જ ચાલો !**

**શ્રી નેમિનાથ પરમાત્માનું જીવનચરિત્ર**
જિનશાસનમાં પ્રાયઃ સર્વ પ્રથમવાર અજંટા-ઈલોરા પેઈન્ટીંગની શૈલીના આધારે તૈયાર થયેલ વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના જીવનના વિશિષ્ટ પ્રસંગોને આવરી લેતી આર્ટ ગેલેરીનું અભૂતપૂર્વ દર્શન !

**ગિરનાર ફોટો ગેલેરી**
અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષ કલ્યાણકથી પાવન થયેલ ગિરનાર મહાતીર્થ તથા અનેકવિધ કલાકૃતિ અને શિલ્પ સ્થાપત્ય દ્વારા નિર્માણ પામેલ ઐતિહાસિક જિનાલયોની વિવિધ પ્રતિકૃતિઓનું પ્રદર્શન !

**ગિરનાર ગિરિવર દર્શન !**
પ્રકૃતિના ખોળામાં રમણીય વાતાવરણ વચ્ચે ઋષિ મુખ સમાન કુદરતી આકારવાળા ગિરનાર ગિરિવરનું અદ્‌ભુત દર્શન !


### • સાધુ-સાધ્વીજી ભગવંતો માટેના વિહાર માર્ગો •

૦૧. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-ગિરનાર ૧૮૦ કિ.મી.
૦૨. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-ચિતલ-દેરડી-જેતપુર-ગિરનાર ૨૧૦ કિ.મી.
૦૩. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-રાણપુર-ગિરનાર ૧૮૦ કિ.મી.
૦૪. પાલીતાણા-જેસર-સાવરકુંડલા-બગસરા-બિલખા-ગિરનાર ૧૯૫ કિ.મી.
૦૫. પાલીતાણા-મહુવા-ઉના-અજાહરા-વેરાવળ-માંગરોળ-વંથલી-ગિરનાર-લગભગ ૩૫૦ કિ.મી.
૦૬. અજાહરા-ઉના-પ્રભાસપાટણ-વેરાવળ-માંગરોળ-વંથલી-ગિરનાર ૧૮૫ કિ.મી.
૦૭. પોરબંદર-બળજે-વંથલી-ગિરનાર-૧૧૦ કિ.મી.
૦૮. પાટણવાવ-છત્રાસા-વંથલી-ગિરનાર-૪૮ કિ.મી.
૦૯. પાટણવાવ-મોટીમારડ-મજેવડી-ગિરનાર ૩૭ કિ.મી.
૧૦. જામનગર-કાલાવાડ-જામકંડોરણા-ધોરાજી-ગિરનાર ૧૪૫ કિ.મી.
૧૧. જામનગર-ભાણવડ-ઉપલેટા-ધોરાજી-ગિરનાર ૧૭૫ કિ.મી.
૧૨. રાજકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર ૧૦૫ કિ.મી.
૧૩. ધંધુકા-વિંછીયા-જસદણ-આટકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર ૨૦૦ કિ.મી.
૧૪. અમદાવાદ-કલીકુંડ-કોઠ-ફેદરા-ધંધુકા-રાણપુર-વિંછીયા-ગોંડલ-જેતપુર-ગિરનાર ૩૨૦ કિ.મી.
૧૫. અમદાવાદ-સાણંદ-વિરમગામ-સુરેન્દ્રનગર-ડોળીયા-ચોટીલા-ગોંડલ-જેતપુર-ગિરનાર ૩૪૦ કિ.મી.
૧૬. અમદાવાદ-સરખેજ-બાવળા-બગોદરા-લીમડી-ચુડા-સુદામડા-ધાંધલપુર-આણંદપર-ભાડલા-શરધાર-ગોંડલ-જેતપુર-ગિરનાર ૩૨૦ કિ.મી.

### શાસન પ્રભાવક પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય ના શિષ્યરત્ન
### પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરિ ના શિષ્ય પ.પૂ.આ. હેમવલ્લભસૂરિ લિખિત/સંકલિત સાહિત્ય

૧. સૌ ચાલો ગિરનાર જઈએ.... ગુજરાતી
૨. ચલો ગિરનાર ચલે... હિન્દી
૩. Come on move to Girnar
૪. ગિરનાર : ગ્રન્થોની ગોદમાં, ભાગ ૧-ગુજરાતી
૫. ગિરનાર યાત્રા વિધિ -
૬. ગિરનાર યાત્રા વિધિ - હિન્દી
૭. ગિરનારની શોભા
૮. ગિરનાર કી શોભા - હિન્દી
૯. શ્રી ગિરનારજી શ્રી નવ્વાણું પ્રકારી પૂજા-ગુજરાતી
૧૦. ગિરનાર નેમિ ભક્તામર (પ્રાચીન)
૧૧. ગિરનાર ગીતગંગા (સ્તુતિ-થોય-સ્તવનાદિ)
૧૨. ચલા ગિરનારલા જાઊ - મરાઠી
૧૩. ગિરનાર ભક્તિ ત્રિવેણી સંગમ
૧૪. ગિરનાર ગ્રંથોની ગોદમાં, ભાગ ૨-ગુજરાતી
૧૫. ગિરનાર સંવેદના (ભાવયાત્રા) (ગુજ.-હિન્દી-ઈંગ્લીશ)
૧૬. ગિરનાર ગીતગંગા (હિન્દી)
૧૭. ગિરનાર દર્શન યાત્રા (ગુજરાતી-હિન્દી-ઈંગ્લીશ)
૧૮. ગિરનાર જિનવર જુહારિએ (     ''     )
૧૯. યાત્રા નવ્વાણુ કરીએ રૈવતગિરિ (હિન્દી)
૨૦. ગિરનારી નેમિભક્તામર (સચિત્ર) (હી.ગુ.ઈ.)
૨૧. નેમિનાથ પંચકલ્યાણક પૂજા (અજ્ઞાત કૃત)

### મોટી પંચતીર્થી યાત્રા
### ગિરનાર થી કિલોમીટર

| | | | |
|---|---|---|---|
| ૧. વંથલી | ૨૨ | ૬. પ્રભાસપાટણ | ૧૧૨ |
| ૨. કેશોદ | ૪૪ | ૭. ઉના | ૧૯૨ |
| ૩. માંગરોળ | ૬૯ | ૮. અજાહરા | ૧૯૭ |
| ૪. ચોરવાડ | ૮૭ | ૯. દેલવાડા | ૨૦૦ |
| ૫. વેરાવળ | ૧૦૭ | ૧૦. દીવ | ૨૧૦ |

### નાની પંચતીર્થી યાત્રા
### ગિરનાર થી કિલોમીટર (રીંગ રૂટ)

| | | | |
|---|---|---|---|
| ૧. વંથલી | ૨૨ | ૫. મોટીમારડ | ૬૦ |
| ૨. છત્રાસા | ૩૪ | ૬. મજેવડી | ૭૦ |
| ૩. પાટણવાવ | ૪૮ | ૭. જૂનાગઢ (ગામ) | ૮૦ |
| ૪. સિદ્ધચક્રમંદિર | ૫૦ | ૮. ગિરનાર થી ગિરનાર રીંગ રૂટ | ૮૫ |


પ.પૂ.આ. હિમાંશુસૂરિ મ.સા. પ્રેરિત ગિરનાર મહાતીર્થની અંશાત્મક પ્રતિકૃતિ સમા (અમદાવાદ-સાબરમતીથી માત્ર ૪૦ કિ.મી.)
**ગિરનાર તીર્થધામના** દર્શન-પૂજનાર્થે અવશ્ય પધારો !!
લગભગ ૧૨૦૦ વર્ષ પ્રાચીન નીલવર્ણના નેમિનાથ દાદા તથા ગિરનાર મહાતીર્થના વિવિધ સ્થાનોનું અંશાત્મક આસ્વાદન કરાવતાં અત્યંત આહ્લાદકારક એવા આ નૂતન તીર્થની સ્પર્શના કરવા અવશ્ય પધારો. નજીકમાં ૨ કિ.મી.માં સિદ્ધાચલની રચનાના દર્શન-પૂજન પણ થશે.
તીર્થમાર્ગદર્શક : પ.પૂ.આ. **હેમવલ્લભ સૂ.મ.સા.**
**વિશેષ માહિતી સંપર્ક :** મયુરભાઈ - ૯૪૨૬૧૭૩૩૮૩, વિજયભાઈ - ૯૨૬૫૮૮૨૫૪૧, હરેશભાઈ - ૯૮૨૫૦૩૬૬૬૮
**તીર્થ સ્થળ :** ગાંધીનગર-મહુડી હાઈવે, ગ્રામભારતી-લીંબોદ્રા ચોકડી પાસે, માણેકપુર, તાલુકા-માણસા (ગુજ.)


### ગિરનાર થી કિલોમીટર

| | | | |
|---|---|---|---|
| ૧. અમદાવાદ થી ગિરનાર | ૩૨૭ | ૫. પાલીતાણા થી ગિરનાર | ૧૮૦ |
| ૨. વડોદરા થી ગિરનાર | ૩૯૬ | ૬. વેરાવળ થી ગિરનાર | ૦૯૦ |
| ૩. રાજકોટ થી ગિરનાર | ૧૦૭ | ૭. જામનગર થી ગિરનાર | ૧૪૫ |
| ૪. દ્વારકા થી ગિરનાર | ૧૮૦ | ૮. મુંબઈ થી ગિરનાર | ૮૪૭ |